

ૐ
મે - ૨૦૦૧
અધ્યાત્મ
વર્ષ : ૨૨
અંક : ૮

## * સ્થિતપ્રજ્ઞ *

જે સ્થિતપ્રજ્ઞ હોય છે તે કામ ને ક્રોધથી પર હોય છે. કામિની, કાંચન ને કાયાની આસક્તિમાં ફસાતો નથી. અહંકાર, રાગદ્વેષ ને મમતાથી રહિત હોય છે. ભય તેને લાગતો નથી. મનને ઈન્દ્રિયો પર તેનો કાબૂ હોય છે. સંસારના ક્ષણભંગુર પદાર્થોની આસક્તિ મૂકીને તેણે પરમાત્માની પ્રીતિ કરી હોય છે. તેનું મન પરમાત્મામાં રમી રહ્યું હોય છે ને પરમાત્માની સાથે એકતાર બની ગયું હોય છે. તેના જીવનની નદી અનંતકાળથી વહેતી વહેતી છેવટે પરમાત્માના પરમ સાગરને મળી ગઈ હોય છે. તેથી તેના તન, મન ને વચનમાં પરમ શાંતિ, પ્રેમ ને પવિત્રતા ફરી વળી હોય છે. તે સદ્‌ગુણ ને સુવિચારની મૂર્તિ જેવો બની જાય છે. એવાં એવાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોનો વિચાર કરીને સાધકે પણ સદ્‌ગુણની મૂર્તિ બનવું જોઈએ, જીવનને સુવિચાર ને સત્કર્મથી સંપન્ન બનાવવું જોઈએ. ઉત્તમ ભાવના અને આદર્શથી ભરી દેવું જોઈએ. કામ, ક્રોધ, અભિમાનથી અળગા રહેવાની કોશીશ કરવી જોઈએ. ભય ને ધિક્કારથી મુક્તિ મેળવવી જોઈએ. તન, મન ને વચનને નિર્મળ ને મધુર કરવાં જોઈએ. સૌ પ્રત્યે પ્રેમ રાખવો જોઈએ, એટલે કે પ્રેમની મૂર્તિ બનવું જોઈએ. પરમાત્માની પાસે પહોંચવાનો પ્રયાસ કરવો જોઈએ. જીવનને એવી રીતે મહાન બનાવી શકાય.

યોગેશ્વરજી


# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫-૦૦

વિદેશમાં રૂા. ૨૫૦-૦૦ (વિમાનથી)

⊗ **સંસ્થાપક :** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).

⊗ **તંત્રી-સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.

⊗ **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર-૧.

⊗ **અધ્યાત્મના સહાયક સ્વજનો :** ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઈ કલોલા અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી.

⊗ **તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની. ફોન : **૫૬૫૮૧૧**

⊗ **મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪સી-૧, બોરડીગેટ, ભાવનગર-૧. ફોન : **૫૧૬૫૫૧**


### લેખકોને નિમંત્રણ

⊗ અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે. ⊗ લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

⊗ ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો. ⊗ 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો. ⊗ 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે. ⊗ પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે. ⊗ 'અધ્યાત્મ'અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે. ⊗ દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| અભિનંદનીય સહાય | તંત્રી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| ભૂકંપ યાત્રા | શ્રી કલ્યાણ | ૧૧ |
| અહમાચલથી અરુણાચલ | ડૉ. તરલાબેન દેસાઇ | ૨૨ |
| ઝલક નવસર્જનની | સંજય પંડયા | ૫૪ |
| ૧૮ માર્ચે પૂ. માનાં સાન્નિધ્યે પૂ. શ્રીના નિર્વાણ દિવસે સાધના-૨ | ડૉ. બી. જે. જાગાણી | ૫૯ |




# * અભિનંદનીય સહાય *

અધ્યાત્મ માસિકના મે, ૨૦૦૧ ના અંકની પ્રસિદ્ધિનો બધો ખર્ચ, પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની પ્રેરણાથી, પનામાના સત્સંગ મંડળ તરફથી આપવામાં આવી રહ્યો છે. આ સત્કાર્યમાં પનામાના શ્રી વસંતભાઇ પી. ભક્ત અને શ્રી ગુલાબબેન ભક્તનો ફાળો ઉલ્લેખનીય છે, સત્સંગ મંડળનાં જે કોઇ ભાઇબહેનોએ અધ્યાત્મને સહાય કરી છે, તે સહુ ખરે જ અભિનંદનને પાત્ર છે. મા-પ્રભુ તેઓનું સર્વ પ્રકારે મંગલ કરે એ જ પ્રાર્થના. અત્યારે તેમ જ અગાઉ પરદેશના સત્સંગપ્રેમી ભાઇબહેનો તરફથી સહાય મળેલી એટલે તો રોજ રોજ વધતા જતા ભાવો વચ્ચે પણ અધ્યાત્મ છેલ્લાં ૨૧ વર્ષોથી આટલા સામાન્ય લવાજમના દરે વાંચકોને આપી શક્યા છીએ. આથી સહાય કરનાર સહુના અમે આભારી છીએ.

— તંત્રી

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૨૨ મે–૨૦૦૧ અંક : ૮


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૨૩/૮/૮૧ રવિવાર, શ્રાવણ વદ આઠમ, ૨૦૩૭**

**સ્થળ : શ્રી હિન્દુ મંદિર, લેસ્ટર શહેર, ઇંગ્લેન્ડ**

આજે જન્માષ્ટમીનો પવિત્ર દિવસ.

સવારે જ પૂ. શ્રીએ સર્વેશ્વરીને કહ્યું : આજે સરળગીતાનો પાઠ વાંચજો.

સર્વેશ્વરી : એ પાઠ કોને સંભળાવવાનો છે?

પૂ. શ્રી : ભગવાન સાંભળશે. તમે આજે આખી ગીતા વાંચજો. આ પવિત્ર આદેશને સર્વેશ્વરીએ શિરોમાન્ય કર્યો. દર-રોજની જેમ પૂ. શ્રી સ્નાન કરી વ્યાયામ કરે છે. વ્યાયામ બાદ માથામાં તેલ નાંખી રહ્યા છે. ત્યારે સર્વેશ્વરી સ્નાન કરીને ઓરડા-માં પ્રવેશે છે.



પૂ. શ્રી ધીમે ધીમે કંઇક ગાતા હોય એવું સંભળાય છે. જરા ધ્યાન દઇને સાંભળ્યું તો શબ્દો સંભળાવવા લાગ્યા.

હૃદયમાં પ્રેમ જાગે તો બધુંએ કામ થાયે છે.

સર્વેશ્વરી પણ એ લીટી પૂ. શ્રીની સાથે ગાવા લાગે છે. ચારેકવાર આ પંક્તિ ગાયા પછી પૂ. શ્રી નવી નવી પંક્તિઓ ગાવા લાગ્યા. જેથી સર્વેશ્વરી ઝડપથી તે લખવા લાગ્યાં. રાગ ગઝલ જેવો હતો. પૂ. શ્રી મસ્ત બની ગાતા જ રહ્યા.

હૃદયમાં પ્રેમ જાગે તો બધુંએ કામ થાયે છે,  
પ્રભુની જો કૃપા થાયે બધુંએ કામ થાયે છે.  
પ્રભુની જો કૃપા થાયે વીસા સત્વર મળી જાયે,  
વીસા સત્વર મળી જાયે હવા ઇંગ્લેન્ડની ખાયે.  
અનાયાશે અમેરિકા વળી કેનેડા પણ જાયે,  
અજાણ્યા ફૂલડાં આપે વળી માળાઓ પહેરાવે.  
જ્યાં જ્યાં જાય તેનું ત્યાં સુભગ સન્માન થાયે છે,  
પ્રભુની એ કૃપા થાયે બધુંએ કામ થાયે છે.

અભિનય સાથે એ ગઝલ ગાતા હતા. વળી કહેવા લાગ્યા.

જેને પ્રભુકૃપા મળી જાય તેને સુખ જ સુખ થાય,  
સદા સંસારમાં સઘળે સૂવે વળી સુખ તણી છાંયે,  
કૃપાનો વરસતો વરસાદ કૃપાની દૃષ્ટિ જો થાયે.

પૂ. શ્રીની રમૂજીવૃત્તિમાં પણ પરમ રહસ્ય ને પ્રભુના ગુણાનુવાદ જ છૂપાયેલા હોય છે.

હવે પ. શ્રી બોલ્યા : હવે થોડું લખવા બેસુ. પૂ. શ્રીની કલમ ચાલુ થઇ. આજે બે કલાક સુધી એકધારું લેખનકાર્ય પૂ. શ્રીએ કર્યું. લેખનબાદ સમય થતાં મુલાકાતીઓ આવી જાય છે.

મુલાકાત નીચેના ઓરડામાં શરૂ થાય છે. પૂ. શ્રી એક સોફા ઉપર બેઠા છે. દ્વારિકાદાસ, મંગળાબેન વિગેરે આવે છે. પ્રણામ કરી સૌ બેઠા છે.

પૂ. શ્રી આજે શ્રી દ્વારિકાદાસને પ્રશ્ન પૂછે છે : તમે માળા તો કરો છો ને?

શ્રી દ્વારિકાદાસ : મને વાચન જ ખૂબ ગમે. જપ કરવાના ગમતા જ નથી.

શ્રી મંગળાબેન : કર્મનાં કોઈ આવરણ એવાં છે જેથી એઓ જપ કરી શકતા નથી.

પૂ. શ્રી : એવું શા માટે માનો છો? આપણાં કર્મો જપ કરી શકીએ તેવાં જ છે એમ જ માનો.

પ્રભુની કૃપા છે કે આપણને માનવનો જન્મ મળ્યો. બીજી કૃપા પ્રભુની એ છે કે આપણને સારી આંખ મળી. વળી સદ્‌બુદ્ધિ મળી એ પણ કૃપા. સંતસમાગમને સંતસેવાની ભાવના એ પણ કૃપા જ છે ને. તો એ બધા સાથે જપ કરવાની વાતપણ જોડી દો.

આપણે ભોજનમાં એકલી રોટલી નથી લેતા. દાળ, શાક, ભાત, પાપડ વિગેરે લઈએ છીએ ને તેમ સદ્‌ગ્રંથોના વાચનની સાથે સાથે સત્સંગ, સેવા ને જપ પણ કરો.

શ્રી દ્વારિકાદાસ : તમે જ મંત્ર આપ્યો છે. પણ જપ કરવાના ગમતા જ નથી.

શ્રી મંગળાબેન : તમે મંત્ર લખીને આપ્યો હતો એટલે એની અસર થતી નથી તમે બોલીને આપો તો જપી શકાય.

પૂ. શ્રી : તમે એવું નહીં માનો. તમે મને ભોજનનું ટીફીન



પહોંચાડો અથવા તમારા ઘરે ભોજન કરાવો તો બંને સરખું કે નહીં!

તમે સંતપુરુષને પાંચ પાઉન્ડ આપવા ઇચ્છો છો તો તે તમે તમારે હાથે સંતને આપો કે તમારા પુત્ર સાથે મોકલો તોપણ તે સંતને પહોંચ્યા કે નહીં!

એ કર્મો પાછળ ભાવના મહત્ત્વની છે. મંત્ર મળ્યો છે તે જ મહત્ત્વનું છે. હવે તમારી પાસે બેન્કમાં એક હજાર પાઉન્ડ છે. તે તમે વાપર્યા જ કરો અને બીજા ન ઉમેરો તો તે પૂરા થાય કે નહીં.

તમે જે વાપરો છો તેના બદલામાં બેન્કમાં બીજા પાઉન્ડ જો મૂકતા જાઓ તો આખું જીવન પાઉન્ડ ચાલ્યા કરે.

તેમ સત્કર્મનું ભાથુ હોય તો તે જેમ જેમ જીવન આગળ ચાલે તેમ તેમ વપરાવવા માંડે. પણ તે ભાથુ ઘટે નહીં તે માટે નવું સત્કર્મ ઉમેરતા જઈએ તો પછી આનંદ જ આનંદ રહે.

તમને જે મંત્ર મળ્યો તે તો તમે મૂકી રાખ્યો. તે મંત્રથી સત્કર્મનું વધુ ને વધુ ભાથુ બાંધો. તમને એવું લાગતું હોય કે બોલીને મંત્ર મળે તો જપ થઈ શકે તો તેવું કરો.

શ્રી મંગળાબેન તરત જ બોલી ઊઠયાં : ગુરુજી એમને આજે જ મંત્ર આપો. અષ્ટમીનો પવિત્ર દિવસ છે. જેથી જપ આજથી જ શરૂ થાય.

એ વાત સાંભળી શ્રી દ્વારિકાદાસ પૂ. શ્રીની બેઠકની એકદમ પાસે આવી પલાંઠીવાળી બેસી જાય છે. હાથ જોડેલા હોય છે.

પૂ. શ્રી : કયો મંત્ર તમને મળ્યો હતો?

શ્રી દ્વારિકાદાસ : તમે તો જાણો છો ને મને પૂછો છો.

પૂ. શ્રી : ના, તોપણ તમે એ મંત્ર બોલો.

શ્રી દ્વારિકાદાસ મંત્ર બોલે છે. પૂ. શ્રી તેમને મંત્ર બોલીને આપતાં કહે છે. દરરોજ મંત્રની સવારસાંજ ૫, ૫ માળા કરજો. માળા ન ફાવે તો ૦ાા કલાક મનમાં જપ કરો. મંત્ર બોલીને પ્રાર્થના કરવી. તમને વાચન જ ગમે છે પણ કોઇકવાર પુસ્તક પણ બંધ કરશો જ ને ત્યારે આંખ મીંચીને જપ કરો. મનને બે ભ્રમરની મધ્યમાં સ્થિર કરો.

શ્રી દ્વારિકાદાસ : ગુરુજી તમારા હાથે એ સ્થાન બતાવો જેથી મન જલ્દી સ્થિર થઇ જાય.

પૂ. શ્રી : મંત્રજપ કરી દેવીને પ્રાર્થના કરો. હું ૧૯૪૭ થી દરરોજ આજે પણ પ્રાર્થના કરું છું. ક્યારે કરું છું? એ જાણી તમને નવાઇ લાગશે. હું દરરોજ પંદર મિનિટ શીર્ષાસન કરું છું ત્યારે આ સ્તુતિ દરરોજ બોલું છું.

ભક્તોને દર્શન દેનારી,
દેવી સદ્ય પ્રસન્ન બનો.
દર્શન આપો વર આપોને,
ઇચ્છા સર્વે પૂર્ણ કરો.

આટલા સત્સંગ પછી શ્રી ગોવિંદભાઇ પૂ. શ્રીને લેવા આવે છે. સૌ પ્રણામ કરી વિદાય થાય છે. આજે ફળાહાર લીધો. ફરી ઉતારા ઉપર આવી ગયા.

આજથી સર્વેશ્વરી રામાયણનું પારાયણ કરવાનું વિચારે છે જેથી પાઠ કરે છે. દરરોજની ડાયરીની નોંધ પણ કરે છે. પૂ. શ્રી થોડો આરામ કરી લેખનકાર્ય કરે છે.



આજે બોલ્ટનના શ્રી વિઠ્ઠલભાઇ અને લક્ષ્મીબેન પૂ. શ્રીને સાંજે મળે છે. શ્રી લક્ષ્મીબેનની તબિયત અંગે પૂ. શ્રી કહે છે કે : તમારી તબિયત સારી જ છે એમ માનો. દરરોજ એવા જ વિચારો કરો. મારી તબિયત ઘણી સુધરી રહી છે.

પ્રભુની મારા ઉપર ઘણી કૃપા છે. હું ખૂબ સુખી છું. એ વિચારોથી તમારી નબળાઇ દૂર થશે.

સમયસર મંદિરમાં જવાનું બન્યું.

આજે મંદિરમાં પુષ્કળ ભીડ હતી. આખોયે હોલ શણગાર્યો હતો. પ્રવચનની શરૂઆતમાં સર્વેશ્વરી બે ભજનો ગવડાવે છે. પછી મંદિરમાં આજની આરતી માટે જાહેરાત થઇ. જેમાં સૌથી વધારે જે રકમ આપે તે આરતી ઉતારે, એ વ્યવસ્થા મુજબ સવાએકાવન પાઉન્ડ મંદિરને ભેટ આપી આરતી ઉતારનાર એક બેન તૈયાર થયાં.

આજે કૃષ્ણજન્મ ઉપર ટૂંકું છતાં મનનીય પ્રવચન પૂ. શ્રીએ આપ્યું. જેમાં શ્રીકૃષ્ણ ભગવાનનું આખું જીવન, સંદેશ, અનાસક્તિયોગ અને આપણું જીવન બીજાની સેવા માટે હોવું જોઇએ એ વાત ઉપર વિશેષ ભાર મૂક્યો.

પ્રવચનબાદ બરાબર આઠ વાગ્યે (ભારતની ઘડિયાળમાં રાત્રે સાડાબાર વાગ્યે) શ્રીકૃષ્ણજન્મની આરતી થઇ. પછી શ્રીકૃષ્ણને પારણામાં પધરાવ્યા. આખીયે મેદની નંદઘેર આનંદ ભયો, જય કનૈયાલાલકીનો જયઘોષ કરતી હતી.

કેટલીક બેનો વળી મંજીરા લઇ ભજનો ગાતાં ગાતાં નૃત્ય કરતી હતી. સૌના મુખ ઉપર આનંદ આનંદ હતો. સાકર, ખારેકના સૂકા મેવાને મેદની ઉપર ઉછાળવામાં આવતો હતો. હોલમાં

જે ફુગ્ગાઓ લટકાવ્યા હતા તે ફોડવામાં આવી રહ્યા હતા. આનંદથી ભરપૂર એ કૃષ્ણજન્મનું દૃશ્ય અદ્‌ભુત હતું.

સૌએ ભગવાનના દર્શન કર્યાં. મંદિરનો આજનો વિશેષ પ્રસાદ માલપુઆનો હતો તે લઈને સૌ વિદાય થાય છે.

મેદનીનો મોટો ભાગ શ્રીકૃષ્ણના ગરબા ગાતાં ગાતાં ગોળાકારમાં ઘુમવા લાગ્યો. ત્યારે પૂ. શ્રી અને સર્વેશ્વરી ઉતારા ઉપર ગાડીમાં બેસીને આવી ગયાં.

સર્વેશ્વરીએ રાત્રે રામાયણપાઠ ને સરળગીતાનો પાઠ કર્યો. પૂ. શ્રી ધ્યાનમાં બેઠા.

આજે શ્રી મંગળાબેને તેમના પતિ શ્રી દ્વારિકાદાસની વાતો કરતાં કહ્યું : એમણે કામ છોડી દીધું છે. ગુરુજી (શ્રી યોગેશ્વરજી) ત્રણ વરસ ઉપર આવેલા ત્યારે જે સોફા ઉપર બેઠેલા તે સોફા ઉપર બેસીને એઓ વાંચતા હતા ત્યારે એકવાર એમને અંતરમાંથી આદેશ થયો કે આ કામ છોડી દો. ને થોડા જ દિવસમાં કંપનીમાંથી પણ એવો જ પત્ર આવ્યો. જેથી કામ છોડી દીધું.

આ પ્રસંગથી શ્રી દ્વારિકાદાસની શ્રદ્ધાભક્તિનું દર્શન થાય છે. વિદેશની ધરતી ઉપર આવા શ્રદ્ધાળુઓને જોઈને આનંદ થાય છે.

(ક્રમશઃ)



# ભૂકંપ યાત્રા

શ્રી કલ્યાણ

ભૂકંપની પણ યાત્રા થાય? હા, જરૂર થાય, જે યાત્રાથી જીવોનું કલ્યાણ થાય તે યાત્રા જ કહેવાય.

તા. ૨૭, ફેબ્રુઆરી–૦૧ ના રોજ પૂ. શ્રી માએ કચ્છના ભૂકંપગ્રસ્ત, વિસ્તારની કલ્યાણયાત્રા કરી. ભૂકંપના સમાચાર જાણતાની સાથે જ પૂ. શ્રી માના પરમ સ્વરૂપની દિવ્યતા કરુણા સ્વરૂપે પ્રકટ થતી રહી છે. પૂ. શ્રી માના આ કરુણા સ્વરૂપના દર્શન પામીને બાળકો ધન્યતા અનુભવી રહ્યાં છે. પૂ. શ્રી માની પરમ પ્રકૃતિના બધા જ દિવ્યગુણો જાણે કરુણાસાગર સ્વરૂપમાં સમાઈ ગયા છે. આજકાલ એ માતૃહૃદયમાં કરુણાનો સાગર જાણે ઉછળી રહ્યો છે. ધરતીકંપના સમાચાર જાણ્યા પછી પૂ. શ્રી મા પોતાના કરુણાનિધાન સ્વરૂપને કાબૂમાં રાખી શક્યાં નથી. પૂ. શ્રી મા એક ઘડીનો પણ વિલંબ કર્યાવિના ભૂકંપગ્રસ્તોની વહારે દોડયાં છે. ભૂકંપગ્રસ્તોની પીડાએ પૂ. શ્રી માને જાણે પરવાશ કરી દીધાં છે. પીડાગ્રસ્ત સૌ જીવોપ્રત્યે પૂ. શ્રી માના હૃદયમાં પ્રેમ અને કરુણાની ગંગા ઉમટી પડી છે. અને એ પ્રેમ અને કરુણાની ગંગા કચ્છ, મોરબી, માળિયાના દૂરસુદૂર વિસ્તારોસુધી વિસ્તરી ગઈ છે.

ભૂકંપના દિવસે જ તા. ૨૬ જાન્યુઆરી–૦૧ ના રોજ પૂ. શ્રી મા સ્વર્ગારોહણ પધાર્યાં. ભૂકંપના સમાચાર પૂ. શ્રી માએ જાણ્યા અને પૂરેપૂરા ઉમંગ અને તત્પરતાથી સ્વર્ગારોહણના

રસોડામાં રાતોરાત જાગીને ભૂકંપપિડિતોને સહાય અર્થે ઘઉં આવ્યા જે સાફ થયા તથા શુદ્ધ ઘીની પૌષ્ટિક સુખડી અને ગાંઠિયાના પેકેટ બનાવીને બાળકોને કચ્છના દૂરના અંદરના ગામડાઓમાં વહેંચવા માટે મોકલી આપ્યા. એટલું જ નહીં પણ પૂ. શ્રી મા સ્વર્ગારોહણનો કાર્યક્રમ બંધ રાખીને રાજકોટ દોડી આવ્યાં. અને રાજકોટને કેન્દ્રમાં રાખીને ભૂકંપગ્રસ્તોને સહાયરૂપ થવા રાતદિવસ એક કરી દીધાં.

મોરબી તાલુકાનાં ૨૮ ગામોમાં પૂ. શ્રી માએ કામચલાઉ પ્રાથમિક શાળાઓના ૧૧૪ (શેડ) ઓરડાઓ બાંધી આપ્યાં. અને દરેક વિદ્યાર્થીને સ્કૂલના દફતર સાથે શૈક્ષણિક સાધનો આપ્યાં. તે ઉપરાંત મોરબીમાં આપદગ્રસ્ત લોકોને આર્થિક સહાય કરી.

દરરોજ રાત્રે બે વાગ્યાસુધીમાં આગળના દિવસની સહાયના કાર્યક્રમનું આયોજન થતું અને તેનો અમલ વહેલી સવારે છ વાગ્યે શરૂ થઈ જતો.

પૂ. શ્રી મા સ્વયં વહેલી સવારે મોરબી વિસ્તારના ભૂકંપગ્રસ્ત ગામડાઓની મુલાકાતે ઉપડી જતાં. આગળના દિવસે થયેલાં કામો નિહાળતાં અને જરૂરી સૂચનો આપતાં. સખત ગરમીમાં ખુલ્લા પગે કાટમાળથી છવાયેલા રસ્તાઓ પર પૂ. શ્રી મા ચાલતાં અને જરૂરિયાતમંદ લોકોને ભરપૂર મદદ કરતાં. સતત ૧૬ દિવસસુધી સ્કૂલના ઓરડાઓ બાંધવાનો તથા બીજી મદદ પહોંચાડવાનો કાર્યક્રમ ચાલતો રહ્યો. પૂજ્ય શ્રી મા વચ્ચે અવારનવાર મુલાકાત લઈને બાળકોના સેવાકાર્યને બિરદાવતાં રહેતાં. ઘણી વખત તો પૂ. શ્રી મા છેક રાત્રે દશ વાગ્યે પાછા ફરતાં તો દશ વાગ્યે પણ રાજકોટના બાળકો પૂજ્ય શ્રી માના દર્શનની રાહ જોઈને



બેસી રહેતા. દસ વાગ્યા પછી પણ શ્રમિત હોવા છતાં એકાદ કલાક સુધી દર્શન અને સત્સંગનો લ્હાવો બાળકોને આપતાં. ભૂકંપગ્રસ્તોના સેવાકાર્યની સાથે સાથે મોરબીના બાળકોને પૂ. શ્રી મા દર્શન તેમ જ સત્સંગનો લ્હાવો પણ આપતાં રહેતાં.

મોરબી વિસ્તારનું સેવાકાર્ય પૂરું થતાં એક દિવસ કચ્છમાં પણ પ્રભુની વિસર્જનલીલાનું દર્શન કરવા પૂ. શ્રી મા તા. ૧ માર્ચ–૨૦૦૧ ના રોજ પધાર્યાં. સાથેના બાળકો માટે પૂ. શ્રી માએ બસની સગવડ કરી હતી. બસમાંથી ભૂકંપગ્રસ્ત ગામડાઓનું અવલોકન કરતાં કરતાં આખે રસ્તે સૌ કીર્તન કરતાં રહ્યાં. ગમે ત્યાં હોઈએ કે ગમે તેવી પરિસ્થિતિમાં હોઈએ પણ પૂ. શ્રી મા બાળકોને ભગવદ્ ભજનનું ધ્યેય વિસરાવા દેતાં નથી.

બપોરના બાર વાગ્યે બાળકો સાથે પૂ. શ્રી મા અંજાર પહોંચ્યાં. ભૂકંપમાં સાવ નાશ પામેલા અંજારની બેહાલી નજરોનજર નિહાળી. પૂ. શ્રી માની કરુણા સભર કૃપાદૃષ્ટિ અંજારના મૃતદેહ પર ફરી વળી. કુદરતની આ વિસર્જનલીલામાં જેમણે પોતાના દેહનું વિસર્જન કર્યું છે તે સૌ જીવોની સદ્‌ગતિ માટે પૂ. શ્રી મા પ્રાર્થના કરે તે સહજ છે. એટલું જ નહીં પણ પોતાના ઈશસામર્થ્યવડે સૌ જીવોને સદ્‌ગતિના પંથે વાળ્યા હોય તે નિઃશંક છે. જે સાંકડી ગલીમાં ભૂકંપે સ્કૂલના નાનાં નાનાં ભૂલકાઓને ભરખી લીધાં તે સૌને પૂ. શ્રી માએ મૂક શ્રદ્ધાંજલિ આપી. કાટમાળથી ભરેલા રસ્તે ત્યાંસુધી જવું અશક્ય હતું. એટલે દૂરથી જ ભાવાંજલિ અર્પી. ત્યાર પછી પૂ. શ્રી માએ જેસલતોરલની સમાધિઓના દર્શન કર્યાં. કચ્છના બધા જ તીર્થસ્થાનો ક્ષતિગ્રસ્ત થયાં છતાં લોકોની તીર્થપ્રત્યેની આસ્થા એવી જ અકબંધ છે.

કચ્છની ધરાના વિસર્જનલીલાના દર્શન કરતાં કરતાં પૂ. શ્રી મા ભૂજ પાસેના માધાપર ગામે ભક્ત પુરુષ શ્રી પ્રાણજીવન-ભાઇના ઘેર પધાર્યાં. પ્રભુકૃપાથી શ્રી પ્રાણજીવનભાઇનું ઘર આ ભયંકર ભૂકંપમાં પણ સલામત રહ્યું છે.

હમણાં થોડા સમયથી શ્રી આરતીબેનના પિતાજી શ્રી પ્રાણ-જીવનભાઇ પૂ. શ્રી માના પરિચયમાં આવ્યા છે. શ્રી આરતીબેન અને શ્રી બિપિનભાઇના સત્સંગથી શ્રી પ્રાણજીવનભાઇને પૂ. શ્રી માના શ્રી ચરણોમાં ભગવદ્‌ભાવનો ઉદય થયો છે. પ્રાણજીવન-ભાઇએ થોડા જ સમયમાં શ્રદ્ધાનાં શિખરો સર કરવા માંડયાં છે. શ્રી પ્રાણજીવનભાઇની ઊંડી શ્રદ્ધાભક્તિથી પ્રસન્ન થઇને પૂ. શ્રી મા તેમના ગૃહમંદિરે પધાર્યા છે.

પરમ શક્તિના પ્રગટ સ્વરૂપને આ માતૃલીલા વિગ્રહમાં પ્રત્યક્ષ દર્શન પામીને શ્રી પ્રાણજીવનભાઇના પરિવારજનો ભાવવિભોર બન્યા છે. પોતાની નાનકડી ઝૂંપડીને પૂ. શ્રી માએ પાવન પદ-ધૂલીથી પવિત્ર કરી તેથી સૌ શબરીભાવનો સાક્ષાત્કાર અનુભવી રહ્યાં છે. આરતી, નૈવેદ્ય અને પુષ્પોનો અર્ધ્ય શ્રી ચરણોમાં ધરીને કૃતાર્થ થયા છે. ભરબપોરે સૌ પ્રાગટ્ય મહોત્સવ માણી રહ્યા છે. શ્રી પ્રાણજીવનભાઇ અને તેમના પરિવાર માટે આ એક અણમોલ અવસર હતો કે જ્યારે પ્રકટ પરમ પુરુષ કુદરતદ્વારા સર્જાયેલ ભૂકંપની વિસર્જનલીલાના દર્શન કરવાના બહાને પણ તેમના ગૃહમંદિરે પધાર્યાં હતાં. ભૂકંપના વિનાશમાં પણ પ્રભુકૃપાનું કેવું પુષ્પ ખીલી ઊઠયું? આપત્તિઓ ક્યારેક એટલું બધું આપી જાય છે કે આપણી જન્મોની દરિદ્રતા ટળી જાય છે. જન્માન્તરોની દોડ-ધામને અંતે પણ પ્રાપ્ત ન થાય તે સાક્ષાત્કારની ઘડી સામે આવીને ઊભી હશે! તપીતપીને અને જપીજપીને અનેક આયખાઓ



પસાર થઇ જાય તોય સાક્ષાત્કારની વિરલ ક્ષણ હાથમાં આવતી નથી અને તે ભૂકંપની બેહાલી વચ્ચે પણ આવી અને જીવનમાં અમૃતમય સુવર્ણ પ્રભાત પ્રકટયું. બેહાલીના પગલે પગલે ખુશાલી-ની સર્જનલીલા સર્જાણી! જો પૂ. શ્રી માના પરમ સ્વરૂપમાં શ્રદ્ધા અખંડ પ્રગટી જાય તો અખંડ આનંદની સરવાણીથી જીવનબાગ મહેંકી ઊઠે તેમ છે. એમાં કોઇ શંકા નથી. સાચા અર્થમાં શ્રી પ્રાણજીવનભાઇ અને તેમના પરિવારને નવો જન્મ અને કૃપા-મંડિત જીવન મળ્યું છે. પૂ. શ્રી મા સાથે પરમ ઈશ શ્રદ્ધાના જોરે સનાતન સગપણ બંધાઇ જાય તો એ નાતે નિત્ય નૂતન પ્રભુના પરમ પ્રદેશનાં દ્વાર ખુલી જાય તેમ છે. વિસર્જનલીલાની આ ભેટ મહામૂલી છતાં સાવ મફતમાં છે! બસ હવે તો ચોટ લાગી જાય અને અંતરમાં શ્રી ચરણો કોતરાઇ જાય તો અનેક જન્મોના અંતે પણ જે પામી ના શકાય તે આ જન્મે જ પ્રાપ્ત થઇ જાય તેમ છે. જેવી શ્રદ્ધા, જેવી લગન તેવી પ્રાપ્તિ.

શ્રી પ્રાણજીવનભાઇએ લાગણીભર્યા શબ્દોમાં પૂ. શ્રી માનું સ્વાગત કરતાં કહ્યું અમારું સૌભાગ્ય છે કે પૂ. શ્રી મા અમારે આંગણે પધાર્યાં. પૂ. શ્રી માના આગમનને વધાવવા મારી પાસે શબ્દો નથી. પૂ. શ્રી મા તો ભૂકંપ પીડિતોના દુઃખમાં ભાગ લેવા આવ્યાં છે. પરંતુ અમારા નવજીવનના સર્જનહાર બનીને તમારી જ સર્જનલીલા નિહાળવા ફરી ફરી પધારતાં રહેજો. આપના આગમનથી જીવનને જે નવી દિશા મળી છે તો પરમપંથે દોરતાં રહેજો, માર્ગદર્શન આપતાં રહેજો, ફરી ફરી સૌ પરિવારજનો સાથે આપનું ભાવભીનું સ્વાગત કરું છું.

શ્રી પ્રાણજીવનભાઇનું આતિથ્ય પામીને પૂ. શ્રી માના બાળકો પણ ધન્ય બની ગયાં. જમવાનું ભોજન તો સાથે લાવ્યા હતા

પરંતુ શ્રી પ્રાણજીવનભાઈની ઉદારતાનું પ્રતીક સમું હતું. તેઓ-શ્રીએ આગ્રહ કરીને ભાવપૂર્વક ગરમ ગરમ ભોજન સૌને જમાડયું. ભૂકંપની આટલી આપદા વચ્ચે પણ આતિથ્ય સત્કારમાં કોઇ પણ જાતની ઉણપ રહેવા દીધી નહીં. ભોજનની સામગ્રી પણ એટલી સરસ હતી કે સૌ તૃપ્ત થયાં. પરમ સંતોષ પામ્યાં.

શ્રી પ્રાણજીવનભાઇના પરિવારની ભાવભરી વિદાય લઇને ભૂજની વિનાશલીલા પણ જોઇ ત્યાંથી આગળ વિસર્જનલીલાના દર્શન કરતાં કરતાં છેક કચ્છના મહાન સંત દાદા મેકરણના લીલા-સ્થાન ધ્રંગ ગામ સુધી ગયાં. આ વિસર્જનલીલામાં ભગવાન પણ સહભાગી થયા છે. તીર્થસ્થાનો, મંદિરો અને મૂર્તિઓ પણ ખંડિત થયાં છે. દાદા મેકરણનું લીલાસ્થાન પણ આ ભૂકંપમાં વિસર્જિત થયું છે. પૂ. શ્રી માએ અહીં કચ્છની અસ્મિતા પુસ્તકમાંથી દાદા મેકરણના જીવન વનના અનેક પ્રસંગો વંચાવ્યા. કચ્છના ઉજ્જડ પ્રદેશમાં છેક રણના કાંઠે દાદા મેકરણે જે સેવા અને સ્મરણની ધૂણી ધખાવી હતી, તેનો ઇતિહાસ જાણીને સૌ એ મહાન સંતને મનોમન વંદી રહ્યાં. સેવા સ્મરણથી સભર એ સંત પુરુષની સમાધિના ભાવપૂર્વક દર્શન કરી તેમને સૌ અંતરથી વંદી રહ્યાં. પૂ. શ્રી માએ એ લીલાસ્થાનના નવસર્જનમાં આર્થિક સહાય કરી.

અહીંથી પૂ. શ્રી મા સૌને પાંચેક કિલોમીટરના અંતરે આવેલા ભૂકંપના મધ્યવર્તી કેન્દ્રના દર્શને લઇ ગયાં. પૂ. શ્રી મા તો ગાડી-માં જ બેસી રહ્યાં અને બાળકોને ભૂકંપનું કેન્દ્ર જોવા મોકલતાં કહ્યું 'માને તો કંઇ જોવા જાણવાનું નથી.'

પૂ. શ્રી માએ સહજ ઉચ્ચારેલા શબ્દો પણ પૂ. શ્રી માના પરમ સ્વરૂપની ઓળખ આપી ગયા. જેમણે સૃષ્ટિનાં પરમ આશ્ચર્યો સર્જ્યાં છે અને સજાવ્યાં છે તેમને વળી નવું શું



જાણવાનું કે જોવાનું હોય? પૂ. શ્રી મા તો પોતાના પરમ ઐશ્વર્યથી પરિતૃપ્ત છે. પૂર્ણતાને શું અધુરપ હોય? શું ઇચ્છા હોય? આ તો સાન્નિધ્ય પામી રહેલા બાળકોનું પરમ સૌભાગ્ય છે કે પૂ. શ્રી માના ઈશ મહિમાથી સંપન્ન જીવનલીલાના દર્શન કરી રહ્યાં છે. ફરી એકવાર પૂ. શ્રી માની પરમ ઓળખથી સૌ ધન્યતા અનુભવી રહ્યાં અને એ પાવન શ્રી ચરણોમાં ભાવભરી વંદના કરી રહ્યાં.

મનન કરીએ તો આ શબ્દોમાં પૂ. શ્રી માના પરમ સ્વરૂપની ઓળખ પ્રગટ થઇ છે. આ પરમ વચનોનો ભાવાર્થ સમજાઇ જાય તોપણ કચ્છની યાત્રા સાર્થક થઇ જાય તેમ છે. પ્રશ્ન એ છે કે જોવાનું અને મેળવવાનું કોને હોય? આ સૃષ્ટિની બધી જ અજાયબીઓ અને વિભૂતિઓ પરમશક્તિનું જ સર્જન છે. વળી આ સૃષ્ટિના સર્જક અને અધિપતિ પોતે જ હોય તો પછી તેમને જોવાનું જાણવાનું કે મેળવવાનું શું હોય? પરમશક્તિએ જ્યારથી આ સૃષ્ટિનો આવિર્ભાવ કર્યો છે ત્યારથી અનેક સર્જન અને વિસર્જન લીલાઓ તેમની જ ઇચ્છાથી આ પૃથ્વીપર ઘટયાં કરે છે. એટલે આ ભૂકંપ લીલા પણ તેમની જ વિસર્જન લીલા છે. શ્રી વાઘેલા સાહેબના મુખમાંથી સહજ સરેલા શબ્દો પૂ. શ્રી માના પ્રકટ સ્વરૂપમાં પ્રકટેલી પરમ શ્રદ્ધાના દ્યોતક છે. પૂ. શ્રી માના પ્રકટ સ્વરૂપમાં જે ઈશ સામર્થ્યની પરમશ્રદ્ધા પ્રકટેલી છે. તેના બળે શ્રી વાઘેલા સાહેબ સહજ બોલી ઊઠયા, "હે મા, તમે આ શું કર્યું?" અલબત્ત આ ભૂકંપની વિસર્જન લીલા પણ આપની અનેક લીલાઓમાંની એક છે. એક ક્ષણમાં પોતાની સામર્થ્ય લીલાનો પરિચય આપીને બીજી જ ક્ષણે સર્જનલીલાનો આરંભ કરી દીધો! હવે તો જ્યારે સર્જનલીલા પૂર્ણ થશે ત્યારે જ અત્યાર-ની વિસર્જનલીલામાં પ્રભુની પરમકૃપાની સાર્થકતા સમજાશે.

ખરેખર તો વિશ્વના બધા જ બનાવોનું ઉદ્ગમ બિંદુ પરમશક્તિ પૂ. શ્રી મા જ છે. સ્થૂળ ભૂકંપનું બિંદુ જોઇને બીજું શું કરવાનું છે? જે જોવાનું છે તે તો ભૂકંપના ઉદ્ગમ સ્થાન જેમની શક્તિથી આવિર્ભાવ પામ્યું તે જ પરમ સ્વરૂપનું દર્શન છે. જો એ પરમ-શક્તિના આશ્રયે બેસી જવાય તો વાસનાઓના સૂક્ષ્મ તેમ જ પૃથ્વીપરના સ્થૂળ ભૂકંપથી સુરક્ષિત થઇ જવાય તેમ છે.

ભૂકંપનું ઉદ્ગમ બિંદુ જોઇને પાછા વળ્યા ત્યારે ખૂબ મોડું થઇ ગયું હતું છતાં પૂ. શ્રી માએ સૌ યાત્રિકો પાસે સત્કર્મ કરાવ્યું. કચ્છના હાથવણાટના કામ માટે જે સંસ્થાને રાષ્ટ્રપતિના એવોર્ડ મળ્યા છે તે સંસ્થાની મુલાકાત લઇને દરેકને એક એક શાલ અથવા બીજી ગમતી વસ્તુઓ લેવા માટે કહ્યું. જેથી હાથવણાટના કારીગરોને એ રીતે ઉપયોગી થઇ શકાય. સૌએ શાલ તેમ જ બીજી વસ્તુઓ ખરીદી. આ રીતે મંડળનું કાપડ વેચાયું. તેથી કારીગરોની કલાને પ્રોત્સાહન મળ્યું. અને ખરીદી દ્વારા આર્થિક સહાય પણ થઇ.

પૂ. શ્રી માની કચ્છની ભૂકંપયાત્રાના મુખ્ય ત્રણ હેતુઓ રહ્યા.

૧. પ્રભુની વિસર્જનલીલાના દર્શન કરવા એ લીલાદર્શન કરી પ્રભુની સર્વ સમર્થતા આગળ નમ્ર બની શીશ ઝૂકાવવું. પ્રભુ જે કરે તે કલ્યાણ માટે જ હોય છે તેમ સમજી વિસર્જનલીલામાં પણ કૃપાનાં દર્શન કરવાં. ચપટી વગાડતામાં જ જગતની વિનાશ-શીલતાના દર્શન પ્રભુએ કરાવી દીધાં. હજારો પુસ્તકો કે ઉપદેશોથી જે ગળે ન ઉતરે તે પ્રભુએ ક્ષણમાં સમજાવી દીધું. વિસર્જન-લીલાનાં દર્શન કરવાથી કુદરતની સમર્થતા પાસે આપણું અહમ્ ઓગળી જાય. જગતના પદાર્થોમાંથી આસક્તિ ઓછી થાય, સેવા



ભાવનાનો ઉદય થાય, બીજાને ઉપયોગી થવા માટે સત્કાર્યની પ્રેરણા મળે અને માનવતા મરી નથી તેનું અભૂતપૂર્વ દર્શન કરાવ્યું.

૨. આપદગ્રસ્ત લોકોને આર્થિક સહાય કરવી—પૂ. શ્રી માએ શ્રી પ્રાણજીવનભાઇને નિમિત્ત બનાવી જરૂરિયાતમંદ લોકોને રોકડ સહાય કરી. એકાએક સહાય મળવાથી જબરજસ્ત આપત્તિ-માં લોકોને મોટી હાશ મળી.

૩. તીર્થદર્શન કરી દિવંગત લોકો માટે પ્રાર્થના કરવી—તીર્થ-દર્શન કરવાથી આપણામાં સાત્ત્વિક ભાવોની સુંદર સૃષ્ટિ સર્જાય છે. એટલે પૂ. શ્રી માએ સૌ બાળકોને જેસલ તોરલની સમાધિના દર્શન કરાવ્યાં. દુષ્ટતાની ટોચપર બેઠેલો માણસ પણ ભક્ત પુરુષ બની શકે છે. અને તોરલ જેવી સદ્ચરિત્ર, શ્રદ્ધા ને પ્રેમની દેવી જેવી સ્ત્રીભક્તના સંગથી ભવસાગરને કેવો સહજ રીતે તરી જવાય છે. તેની પ્રેરણા આપણને જેસલ તોરલની સમાધિમાંથી (સમાધિના દર્શન કરવાથી) મળે છે.

બીજું એવું જ તીર્થદર્શન એટલે ભક્ત પુરુષ દાદામેકરણની લીલાભૂમિનું દર્શન. સેવા અને સ્મરણના સાધનને તેમણે પ્રભુ-દર્શન માટે નિમિત્ત બનાવી સૌને જનસેવા અને પ્રભુસ્મરણની અદ્ભુત દીક્ષા આજે પણ એ લીલાભૂમિ આપી રહી છે.

ભૂકંપમાં જેમણે પોતાના પ્રાણ ગુમાવ્યા છે. તેમની આત્મ-શાંતિ માટે પૂ. શ્રી માએ પ્રાર્થના કરી એટલું જ નહીં પણ તેમની દેહવિલયની ભૂમિપર જઇને સૌને કૃપાદૃષ્ટિથી સદ્ગતિ અર્પી.

આમ પૂ. શ્રી મા કરુણા વર્ષન્તાં આવ્યાં અને કુદરતની વિસર્જનલીલાને પોતાના કરુણાના વૈભવથી વધાવી. પૂ. શ્રી માના દિલમાંથી વાત્સલ્યના વહેણ આપદગ્રસ્ત લોકો માટે સહજ વહ્યાં,

અને સૌએ પરિતૃપ્તિ અનુભવી. ભલે એ નાનું એવું ખિસકોલી કર્મ દેખાતું હોય પરંતુ પૂ. શ્રી માની કૃપાદૃષ્ટિનો વ્યાપ તો સમગ્ર વિશ્વને વિંટળાઇ વળે છે. એ માતૃહૃદયમાંથી ઊઠેલો શુભસંકલ્પ સૌનું કલ્યાણ કરે કરે અને કરે જ.

આમ કચ્છની ભૂકંપગ્રસ્ત વિસ્તારોની પૂ. શ્રી માની યાત્રા સૌ જીવો માટે કલ્યાણકારક નીવડી.

પૂ. શ્રી માની આ કલ્યાણયાત્રા દ્વારા સૌને પૂ. શ્રી માના પ્રત્યક્ષ દર્શન અને સાન્નિધ્યનો દેવદુર્લભ લ્હાવો મળ્યો.

બસની યાત્રા દરમ્યાન પૂ. શ્રી મા જ સતત સ્મરણનો વિષય રહ્યાં.

જેસલ તોરલની તેમ જ સંત મેકરણદાદાની સમાધિ સ્થાનના દર્શનથી તે પવિત્ર તીર્થસ્થાનોમાં સત્સંગ, સેવા અને સ્મરણની સતત વહેતી પ્રેરણા.

ત્રિવેણીમાં સૌ સ્નાન કરીને ધન્ય થયાં. શ્રી પ્રાણજીવનભાઇનું લાગણીભર્યું આતિથ્ય માણ્યું. પૂ. શ્રી મા પ્રત્યેની તેમની ભાવભક્તિનાં અનેરા દર્શન થયાં.

પરમશક્તિની વિસર્જનલીલાનું દારુણ દર્શન થયું. સાથે સાથે કરુણાનિધાન સ્વરૂપનું અનુપમ દર્શન થયું.

પૂ. શ્રી માની કૃપાથી સૌને સત્કર્મ કરવાનું સૌભાગ્ય મળ્યું.

પૂ. શ્રી માએ આપદગ્રસ્તોને આર્થિક સહાય કરી તેમનાં આંસુ લૂછવાનું પુણ્યકર્મ કર્યું.

દિવંગત જીવોની આત્મશાંતિ માટે પ્રાર્થના કરીને સૌને સદ્-ગતિ આપી.

પૂ. શ્રી માના પુનિત પગલે સર્જનલીલાનો શુભારંભ થયો.

---

મંદિર તેના પોતાના માહાત્મ્યથી નહીં, પણ પવિત્ર લોકોના સંસર્ગથી પવિત્રતા ધારણ કરે છે. કારણ કે પ્રબળ સત્ત્વગુણ સંપન્ન સંત–મહાત્માઓ પોતાની આસપાસ ચારે બાજુએ સત્ત્વગુણનો પ્રભાવ ફેલાવી દે છે. અને તેની અસર તેમના સંસર્ગમાં આવનાર માણસો ઉપર પડ્યા વગર રહેતી નથી. મનુષ્ય એટલી હદસુધી પવિત્ર થઇ જાય છે કે તેની પવિત્રતા તેના શરીરમાંથી સતત વહ્યાં જ કરે છે અને તેના સંસર્ગમાં આવનારને પવિત્રતા અર્પણ કરે છે. યોગેશ્વરજી

સૌજન્ય :

YOGA & TOTAL HEALTH CENTRE

ડૉ. હિમાંશુ પાઠક,
શ્રી હેમીના પાઠક.

" નિરાંત "
૩૨, દિવાળીબાગ સોસાયટી, સૂર્યપુર સોસાયટી પાછળ,
રાંદેર રોડ, સુરત–૩૯૫ ૦૦૯

ફોન : (૦૨૬૧) ૭૭૯૨૮૩
મોબાઇલ : ૯૮૨૪૦૪૩૦૩૩

E–mail :
hpathakji@yahoo.Com

# અહમાચલથી અરુણાચલ

ડો. તરલાબેન દેસાઈ

અહમાચલથી અરુણાચલ જરૂર ઊભી થતાં ભીતરથી ગુરુ બહાર અંતર્ઝરાની જેમ ફૂટે છે–'He is always within doing the needful' આની સંપૂર્ણ પ્રતીતિ તા. ૨૫ થી ૨૮ ડિસેમ્બર ૨૦૦૦ ના ચાર દિવસ દરમ્યાન થઈ.

પ. પૂ. મા સર્વેશ્વરીને છેલ્લા બેએક વર્ષથી મળવાનું થયું. નિમિત્ત બન્યું પુસ્તક 'શ્રી રમણ મહર્ષિના સાન્નિધ્ય'માં (જે દેવરાજ મુદેલ્યારના પુસ્તક 'Day by day with Bhagavan'નો ભાવાનુવાદ છે) અધ્યાપિકા અરૂણા (જે બી. એ. સુધી મારી વિદ્યાર્થીની હતી.) અરુણાદ્વારા એ પુસ્તક માસુધી પહોંચ્યું હતું. અરુણાનો બહુ જ આગ્રહ હતો મને માસુધી પહોંચાડવાનો પણ એક યા બીજા કારણે એ શક્ય ન બન્યું. અને એક સાંજે તો એ મારા ઘરે આવી કહે, "આજે તો તમારે મા પાસે આવવું જ પડશે તમે બહુ સુભાગી છો કે મા તમને સ્મરે છે અને અરુણાનો પ્રેમાગ્રહ મને માસુધી લઈ જઈને જંપ્યો.

પહેલવહેલીવાર 'મા'ને સત્યપથના રવિવારના સત્સંગમાં નિહાળ્યાં. ભક્તોથી ઘેરાયેલાં 'મા'ને પ્રણામ કરી પ્રસાદ લઈ ઘરે પાછી આવી. એક શ્વેતવસ્ત્રધારિણી તપસ્વિની છેલ્લાં પંદર વર્ષથી અન્નનો દાણો લીધાવિના કેવળ દૂધ–ફળ પર રહે છે. અને મૌન ધારે છે અને શ્રી યોગેશ્વરને એમના આરાધ્ય માને છે. આટલી માહિતીની સંપત્તિએ મારામાં સન્માન અહોભાવ જન્માવ્યાં હતાં.



ત્યારબાદ મેં 'રમણ મહર્ષિનો અધ્યાત્મ બોધ' અને 'અરુણાચલના રમણ મહર્ષિ' પુસ્તક પ્રગટ થતાં અરુણાદ્વારા 'મા'ને મોકલાવ્યાં. 'મા'એ એમની વિદેશયાત્રા દરમ્યાન વિમાનમાં એનું વાંચન કર્યું અને ભારતમાં પાછા ફર્યા બાદ અમદાવાદના સત્યપથમાં મને આવવા અરુણાદ્વારા અનુરોધ કર્યો. હું જેવી સત્યપથમાં પ્રવેશી, પ્રણામ કરી 'મા'ની પાસે બેઠી કે માએ સ્લેટમાં લખ્યું : 'અરુણાચલ ગયાં છો? મેં કહ્યું–'ના' તો લખ્યું : ૧૪ મી એપ્રિલે મહર્ષિનો નિર્વાણદિન આવે છે. તમે જાઓ જ', મેં કહ્યું, મા, એવી કોઈ ઈચ્છા થઈ નથી, થતી નથી. પ્રારબ્ધ જાગશે તો જઈશ.' માએ લખ્યું–મહર્ષિ તમારી રાહ જુએ છે. તમારે જવું જ જોઈએ.' મેં કહ્યું, 'મા તમારા આશિર્વાદ હશે તો જવાશે.' વાત ત્યાં અટકી.

પણ પછી તો માએ શ્રી રમણ મહર્ષિની બે વિડીઓ કેસેટો મને જોવા મોકલી. મહર્ષિનું કેલેન્ડર એમના બે સુંદર ફોટોગ્રાફ (મા ફોટોગ્રાફને સ્વરૂપ કહેવું જ પસંદ કરે છે.) બીજા નાના સુંદર ફોટોગ્રાફ એક સુંદર પર્સમાં એક સરસ પેન સાથે અને સિલ્કના ખેસ સાથે પ્રસાદરૂપે મોકલ્યાં. પછી શ્રી રમણ મહર્ષિને લગતી કોઈ પણ પુસ્તિકા એમના હાથમાં આવે કે એ તરત તાત્કાલિક મને મોકલાવે. 'સંતો ઈશ્વરના આડતિયા' કહેવાય છે. મા મહર્ષિના આડતિયા બન્યાં.

પછી તો માને વારંવાર મળવાનું થયું. હું જેવી 'સત્યપથમાં' પ્રવેશું કે મા અત્યંત સ્નેહ છલકતા સ્મિત સાથે સ્લેટપર લખે. 'અમે તમને સ્મરતાં હતાં.' અને પછી વાતો થાય રમણ મહર્ષિની! એ લખે હું વાંચું, બોલું, કલાક, બે કલાક, ત્રણ કલાક એ ક્રમ ચાલે. પણ રમણ મહર્ષિ સિવાય ભાગ્યે જ કોઈ વાત! પ્રત્યેક

મુલાકાતની ધ્રુવ પંક્તિ 'મહર્ષિના સ્વરૂપ ચીંધી કહે–લખે–મહર્ષિ રાહ જુએ છે. એકવાર તો માએ કહ્યું : 'આપણે ક્યારે અરુણાચલ જવું છે? પહેલાં તો મને સંકેત બરાબર ન સમજાયો. પણ મા સ્વયં સાથે આવવાની વાત કરે છે. એવો અર્થ સમજાયા પછી પણ મને એમાં માની રમૂજવૃત્તિ કે બોલવાની એક રીતનાં દર્શન થયાં. પણ જ્યારે એક સાંજે મા પાસે હું અને મારા પતિ યશવંત બેઠા હતાં. ત્યારે માએ પૂછ્યું, "અરુણાચલ ક્યારે જવું છે?" અને યશવંતે 'મા તમે કહો ત્યારે જ.' એમ કહેતાં જ માએ કહ્યું, 'રજા મળશે ને?' મે કે મને આની ગંભીરતા હજી પ્રતીત થતી ન હતી. એટલે મેં તો પ્રકૃતિવશ કહી દીધું 'મા, સી.એલ લેતાં તો મારો અંતરાત્મા ડંખે.' મા કહે, 'બહુ વર્ષો વિદ્યાર્થીઓ–સંસ્થાનું કલ્યાણ વિચાર્યું. હવે આત્માનું કલ્યાણ પણ વિચારવું પડે. તોય મેં તો જોઇશ' એમ કહેતાં મા કહે 'હવે તો તરલાબેનને રીક્ષાટોલી કરી લઇ જવાં પડશે.' અને બીજે દિવસે અરુણાબેન પાસે કોલેજમાં ફોન કરાવ્યો. ૨૫ ડીસેમ્બરે નાતાલની અને ૨૭ મીએ ઇદની રજા હતી. એટલે બે સી.એલ લેવાથી ચાર દિવસ મળે એમ હતું. એટલે હવે માના આગ્રહ આગળ ના પાડવા જતાં મને મારું અહમ્ આડું આવતું લાગતાં મેં ફોનપર 'હા' પાડી કે સાંજે તો માએ અમદાવાદથી મુંબઇ અને મુંબઇથી મદ્રાસની પ્લેનની ટિકીટની અરુણાબેન પાસે અને મદ્રાસથી તિરૂવન્નામલાઇ (અરુણાચલ) જવા માટેની ટેક્ષીની વ્યવસ્થા કરાવી દીધી. એટલું જ નહીં દસ જણનાં નામ નક્કી કરી દીધેલાં! કોલેજથી છૂટી મા પાસે ગઇ તો મા કહે, 'બધી વ્યવસ્થા થઇ ગઇ છે. આપણે દસની લક્ષ્મણરેખા આંકી દીધી છે જે જાણે છે એ આવવા તૈયાર થઇ જાય છે. પણ એમને નારાજ કરવા પડે છે. ભીડ નથી



કરવી. આમ ૨૩ મી ડિસેમ્બરની સાંજ અરુણાચલ જવાના નિર્ણયની. એને માટેની બધી વ્યવસ્થાની સાંજ બની. આડો એક જ દિવસ રહ્યો ૨૪ મી નો! 'મા' પાસે જતાં માએ મુંબઇ–મદ્રાસની પ્લેનની ટિકિટ આપી. માની ટિકિટના પૈસા માટે અમે આગ્રહ રાખ્યો તો મા કહે, 'તમારી બંનેની ટિકિટના પૈસા મા આપે.' એટલે આગળ કંઇ કહેવાનું રહ્યું જ નહીં. માએ સ્લેટ-પર લખ્યું, 'આ રાજમાતા–રાજકુમારીને પહેલીવાર અરુણાચલ જઇ જવાનાં છે. એ વારંવાર જાય એટલા માટે એમને જરા પણ અગવડ ન પડે એ રીતે લઇ જવાના છે.' અઢળક ભાવ ઐશ્વર્ય માનું કે મારા જેવી મામૂલીને આવી મહામૂલી કલ્પી, મારી આત્મશ્રદ્ધા દૃઢાવી.

અને.... ૨૫ ડિસેમ્બરની સવાર અરુણાચલ જવા માટે ઘર-માંથી બહાર નીકળવાની વેળા માની કૃપાથી–અનન્ય પ્રેમથી આવી જ પહોંચી! સવારે બે વાગે ઊઠીને કલાક મંદિરમાં (ઘરના એક ખૂણામાં નાનકડું પૂજાસ્થાન) શાંત બેસતાં અપૂર્વ ધન્યતાનો અનુભવ થતો હતો. Too good to be true.... સાચું બનવા માટે વધારે પડતું સારું લાગતું હતું. શ્રી રમણ મહર્ષિ,ના સ્વરૂપને પ્રણમી મારું હૃદય પ્રાર્થતું રહ્યું. 'હે સૃષ્ટિનિયંતા તમારી સંનિકટ પહોંચાડવાં મથતાં 'મા'ના પ્રેમને એમની કૃપાને પાત્ર બનેલ હું એને લાયક બનું એવી યોગ્યતા મારામાં પેદા કરજે.'

સંતો જિજ્ઞાસુના સ્વપ્નો સાચાં કરી આપે છે. એવું સાંભળ્યું હતું. પણ જેણે સ્વપ્ન પણ જોવાની હિંમત ન કરી હોય એટલી પાત્રતા ય હજી સિદ્ધ કરવી બાકી હોય અને ત્યાં એ સ્વપ્ન સાકાર કરી મૂકી દે, આપણી સન્મુખ પ્રગટ કરી દે એમને શું

કહેવું? અરુણાચલ જવા હજી મારી ઇચ્છાવેલ પણ પૂરી પાંગરી ન હતી. ત્યાં માએ એને ફળફુલથી લચેલી કરી મૂકી.

૭–૪૦ નું પ્લેન પકડવા અમે એરપોર્ટ પર ૬–૩૦ પહોંચ્યા ત્યાં મા, અરુણાબેન, ગીતાબેન, મંજુબેન, જયાબેન, બિપિનભાઇ ઉપસ્થિત હતાં. મેં અને યશવંતે માને પ્રણામ કર્યાં. માએ સ્લેટ પર લખ્યું : મા યાત્રા આનંદયાત્રા બની રહો પછી આશલ સાથે ઘણી વાતો કરી. પૂ. માનું પ્રેમભર્યું માર્ગદર્શન વાત્સલ્ય છલકતા પ્રેરક શબ્દો આશલને જાણે અરુણાચલ યાત્રાનું આચમન પુણ્ય એરપોર્ટ પર જ બાંધી આપતાં હોય એવું લાગતું હતું.

એરપોર્ટ પરના ટી. વી. પર ઇસુખ્રિસ્તનું સ્વરૂપ અને ખ્રિસ્તી લોકોની પ્રાર્થનાનું દૃશ્ય જોઇ એના પવિત્ર સ્વરોનું શ્રવણ કરતાં પૂ. માએ લખ્યું, 'ઇસુની કરુણા અને ક્ષમાને આ હૃદય સદા વંદે છે.'

શ્વેતવસ્ત્રધારિણી સન્યાસિનીની (તપ્વીનીની) બેગ, થેલી બધું જ શ્વેત, શુભ્ર, પવિત્ર, અત્યંત સુઘડ, સ્વચ્છ, શુચીભરી શાંત પ્રસન્ન, પ્રેમમય, સ્નેહમય દ્યુતિ જાણે આપણાં સઘળાં કિલ્મિષો કષાયો વિદારતી આપણી ચોતરફ પ્રસરતી હોય એવું લાગે. સ્નેહ-સુરક્ષિત વાતાવરણની સૌરભ માણતાં હતાં ત્યાં જ પ્લેન ઉપડવા-ની જાહેરાત થઇ. અને અમે સામાન ચકાસણી જાત, ચકાસણી પછી રન વે પર પૂ. માની અત્યંત સ્ફૂર્તિભરી ચાલ સાથે કદમ મિલાવતાં ચાલતાં પહોંચ્યાં.

પ્લેનમાં સીટ લેતાં જ પૂ. માએ સુરક્ષા બેલ્ટ બાંધવાની સૂચના કરી અને સાથે જ એ ઓપરેટ કરવાની રીત પણ દર્શાવી. (એર–હોર્ટેસે પછી તે સમજાવ્યું) મારા પગ અદ્ધર હતા તે જોઇ માએ નીચેનું ફૂટરેસ્ટ સ્ટેન્ડ પણ બતાવ્યું. સ્લેટ પર લખી કહ્યું



'નાસ્તો જે કંઇ આવે તે લઇ લેજો. ના ન પાડતાં મદ્રાસ ટેક્સીના ડ્રાઇવરને આપવા ચાલશે. ટિકિટ સાથે નાસ્તાના પૈસા આપણે આપી દીધાં છે. આમાં 'Left–over નહીં પણ Left–forનો સંકેત મને સમજાયો. વધેલું ઘટેલું કોઇને નહીં આપવાનું પણ વધારાનું લાગે તે બીજા માટે બચાવવાનું. એમાં પ્રેમ, અન્ય માટેની કાળજી સહજભાવે રાખવાની વાત. નાસ્તો આવતા પૂ. માએ એક સરસ સ્વચ્છ પ્લાસ્ટિકની થેલી પણ પેલું Left–for સાચવવા આપી. પૂ. માએ તો એમના નિયમ મુજબ બહારગામ ફરવા નીકળે એટલે નિર્જળાદિન હતો.

જેવું પ્લેન સ્ટાર્ટ થયું કે પૂ. મા તો એના ઘરર્ ઘરર્ અવાજ સાથે પોતાની આંગળીઓનો તાલ આપી રહ્યાં હતાં. બારી બહાર નિહાળતાં 'મા' પોતાની મસ્તીમાં હતાં. 'મા'ના હાથમાં થોડો વખત માળા ફરે છે બધું જ શાંત, સ્થિર, વ્યવસ્થિત સુંદર છે.

હું બારીની બહાર સ્વચ્છ, નિરભ્ર આકાશને, તો ક્યાંય વરી-યાળી તો ક્યાંક ધૂલીમાંથી રજોટાયેલી ધરતીને નિહાળતી હતી. પ્રકૃતિનું અસીમ સૌંદર્ય એના રચયિતાની અનુપમ આંતરશ્રીની પ્રતીતિ કરાવતું હતું.

રમણ મહર્ષિના સાન્નિધ્યમાં અરુણાચલ સમીપ લઇ જતી. આ અમદાવાદ–મુંબઇ–ચેનાઇની પ્લેન સફર ભરપૂર વૈભવપૂર્ણ છલકતી યાત્રામાં સ્થિર, શાંત, નિષ્પંદ આંતર વૈભવની સંન્નિધિ પૂ. માની! જેમનામાં કશો અનાદર નહીં, ઉપેક્ષા નહીં, અપેક્ષા નહીં સર્વ માટે સદા છલકતો પ્રેમ, આદર, માનવભાવથી રસ્યો પ્રાણ. અમે ચાર જણ હું, યશવંત, અરુણઆબેન, ગીતાબેન પહેલી લાંબી પ્લેનયાત્રા કરતાં હતાં. પણ એનો એટલો રોમાંચ ન હતો.

જેટલો આનંદ ઉત્સાહ પૂ. માના શાંત–પ્રેમમય સાન્નિધ્યનો હતો. મનમાં સતત શ્રી રમણાય નમઃ અને સમાંતરે શ્રી સર્વેશ્વરી સર્વેશ્વરાય નમઃ ભાવ હતો. એક ચૈતન્ય બીજા પરમ ચૈતન્યની મુલાકાતે નીકળેલું–સાથે અમારા જેવા જડ અંશ પણ સજીવ થઇ ઊઠયાં'તા એ ચૈતન્ય સંસ્પર્શે.

પૂ. મા તો જપ મગ્ન હતાં એમનું સદાનું મૌન શબ્દ રહીતતાનું સૌન્દર્ય, પ્રેમસ્રોત રેલાવી રહ્યું હતું. જપ પૂરા થતાં જ અત્યંત મીઠું હસી હાથમાં સ્લેટ લઇ લખ્યું : 'આ આપણી રમણ પ્રણામયાત્રા છે. લોકો લગ્ન કરીને જેમ કુળદેવીને પગે લાગવા જાય એમ આપણે પણ આજે 'શ્રી રમણ ચરણ પ્રક્ષાલન' માટે જઇ રહ્યાં છીએ.'

મહર્ષિની કેવી કૃપા છે! આખરે એમણે ખેંચીને તમને તેડી જ લીધાં, ઊંચકી જ લીધાં. સંતો પણ ભારે પક્ષપાતી જ હોય છે તે આજે અનુભવાયું. પોતાના હોય તેને પહેલાં તેડે.

જેટલો આપણા અંતરે આનંદ એનાથી અનેકગણો આનંદ એમને હશે. શ્રી રમણ કહેતા હશે 'તરલામાઇ આ રહી હૈ સબ આશિષ વરસાઇયે...'

અરુણાચલ ટાઇમ્સની રમણકોલમમાં તરલાબેનનાં આગ-મનના સમાચાર છાપ્યા હશે એમણે મેં કહ્યું હા તંત્રીલેખ 'મા'નો આ ટાઇમ્સના તો ખબરપત્રી તંત્રી બધું જ 'મા'.

'મા' કહે ગ્રીષ્મ ધખતો હોય ખૂબ ગરમી લાગે. મૌન મંદિર-માં નથી જવું એમ થાય પણ મોટા પકડીને બેસાડી જ દે! તેમ જે ઘર ના છોડે તેને આજે શ્રી રમણે 'કામચલાઉ ગૃહ ત્યાગી' બનાવી જ દીધા.



પણ મોટા ઘરે જવામાં લાભ જ લાભ. જુઓને પ્લેનમાં જ કેવી બાદશાહી! પોતે તો ફક્ત લંગોટ જ પહેરે ને આપણને કેવા લાડ લડાવે! મેં માના જ ભાવમાં સૂર પુરાવતાં કહ્યું : કપુરા, સત્યપથ, હરદ્વાર, કેનેડા, સ્વિટ્ઝર્લેન્ડ, સ્વર્ગારોહણના ખાસ appointed–assistance મહર્ષિએ તેડવા મોકલ્યા એ ગૌરવ કાંઇ જેવું તેવું છે?

આવા સ્નેહસંવાદમાં કલાક ક્યાં ગયો તેની ખબર ના પડી. અને પ્લેન મુંબઇ આવી પહોંચ્યું. પ્લેન પર અમારા ત્રણ સહ-યાત્રીઓ મધુભાઇ, રાજીવભાઇ અને મૈત્રેયી તેમ જ એમના કુટુંબીજનો માને પ્રણામ કરવા વીંટળાઇ વળ્યા. માએ એ સર્વે સાથે સ્લેટપર લખી લખી વાતો કરી અને ચોકલેટનો પ્રસાદ આપ્યો.

સાડા દસે મદ્રાસ(ચેન્નઇ)નું પ્લેન આવતાં અમે મુંબઇવાસી-ઓની વિદાય લઇ પ્લેનમાં ફરી ગોઠવાયાં. ત્રણ સીટ વી. આઇ. પી. ની મળેલી. એમાં પૂ. મા સાથે અરુણાબેન અને હું સહજ રીતે જ ગોઠવાતાં પૂ. મા, કહે ખાસ યાત્રીઓ માટે ખાસ વ્યવસ્થા. ફર્સ્ટ ક્લાસના ઉતારુ સહેલાઇથી ન મળે એટલે આવી વ્યવસ્થા અહીં છે. બાકી વિદેશોમાં તો બધા માટે સરખી વ્યવસ્થા હોય છે.

ચેન્નઇ જવા માટે જેવું પ્લેન ઉપડયું કે મા તો પ્રણામ–નમસ્કાર કરતાં બે હાથ જોડી, મસ્તક નમાવી મૌનમય પ્રાર્થનાની મુદ્રામાં આવી ગયાં. અરુણાબેને એને વાચિકરૂપ આપ્યું, 'શ્રી યોગેશ્વરાય નમઃ શ્રી સર્વેશ્વર્યૈય નમઃ મેં મૂક સૂર પુરાવ્યો. અને પછી માએ સકલ સૃષ્ટિનું મધુ લઇને એ રાગમાં અરુણાબેનને ગાવા સ્લેટપર લખી દર્શાવ્યું.

હે સકલ સૃષ્ટિનું મધુ લઇને....

"હે અરુણાચલ
હે શિવશંકર
રમણ ચરણમાં હજો પ્રણામ."

અરુણાબેને મીઠા ભાવમય સ્વરમાં ગાયું. પછી માએ કહ્યું, 'આ અરુણાચલની અમારી પાંચમી યાત્રા છે. પહેલી વાર પૂ. શ્રી સાથે આખા સાઉથમાં મોટરમાં, બીજી વાર બેંગ્લોરની બસમાં, ત્રીજી વાર પ્લેનમાં, ચોથી વાર લગભગ ૨૦ ભાઈબેનો સાથે અને પાંચમી વાર તરલાબેન સાથે...' મેં કહ્યું : 'મા'ની સાથે તરલાની અમારા સર્વની આ યાત્રા છે. પ્રથમ પહેલી, મા કહે 'પણ નિમિત્ત તો તમે જ બન્યાં. મહર્ષિ જ તમને ખેંચી લાવ્યા.' આટલું લખી મા જપમાં મગ્ન થઈ ગયાં.

મેં બારીની બહાર નજર કરી આસમાની—શ્વેત રંગનો દરિયો—હવાનો દરિયો જાણે બહાર લહેરાતો હતો. વિમાન જાણે નાવરૂપે એમાં તરતું હતું. એમાં પ્રકાશ ઘેરો બન્યો. અરુણનો— એમાં અરુણાચલના પ્રકાશનું પ્રતીક વરતાયું. આંખો મીંચતાં એ પ્રકાશપુંજ પહેલા પુષ્પોમાં અને પછી તારકોના તેજ પુંજરૂપે અનુભવાયો. એમાં ભળી જળાશયો, વૃક્ષો, ખેતરો, માટીની સુગંધ. પહેલા વરસાદની ભીની મોસમની એ સુગંધના સ્મરણે યુ. ડી. કોલોનની વાસને ભૂલાવી દીધી. પ્લેનના પ્રતિધ્વનીઓમાં શ્રી રમણ, શ્રી રમણ, શ્રી રમણ, શ્રી રમણનો ધ્વની પડઘાતો ગયો. ગુંજતો ગયો. અને એ ગુંજન ત્યારે જ થમ્યું. જ્યારે પ્લેન ચેન્નાઇના એરપોર્ટ પર ઉતર્યું. અટક્યું.

બરાબર ૧૧—૩૦ વાગે અમે ચેન્નઈ આવી પહોંચ્યા. ત્યાં બે ટેક્ષીઓ એક ટાટા—સુમો અને બીજી એમ્બેસેડર ભાડે કરેલી ઊભી હતી. એમ્બેસેડરની પાછલી સીટ પર મા બીરાજ્યાં અને આગલી સીટપર હું અને અરુણાબેન. માએ અમને એલચી



આપી. અમે ડ્રાઈવરને પૂછ્યું.' તિરૂવન્નામલાઇ પહોંચતા કેટલા કલાક થશે? એણે કહ્યું પાંચ કલાક. માએ મારો ખભો હલાવી મને ટેક્ષીમાં આગળ જોવા સંકેત કર્યો. મેં મીટર જોવાની કોશિશ કરી. ત્યારે અરુણાબેને કહ્યું : 'મા ડ્રાઈવરની સીટની સામે રાખેલા શ્રી રમણ મહર્ષિના નાનકડા ફોટાને જોવાં કહેતાં હતાં. અમે આયનાના રૂપરંગ જોતાં હતાં. માએ તો પ્રતિબિંબ જ જોઈ લીધું! મહર્ષિના સ્વરૂપ અને માના રૂપમાં અભેદ હતો—છે.'

ડ્રાઈવરનો ચેહરો—મ્હોરો, દાઢી બધું જ યુવાન રમણ મહર્ષિ-ની જીવતી તસ્વીર જેવું હતું. એને પૂછ્યું રમણ મહર્ષિ વિશે શું જાણો છો? તો કહે : 'રમણ મહર્ષિ સબકે લીયે ભગવાન હે, સબ ટેમ્પલમેં ઉસે ઢૂંઢતે હૈ, હમારી તો આત્મા હી રમણ મહર્ષિ હે, હમ ખુદ રમણ મહર્ષિ હે, આપ તસ્વીર દેખતે હે ઈસલીયે બોલતે હે, હમારે તો વે ભીતર હૈ ઈસલીયે હમ નહીં બોલતે.' ટેક્ષી ડ્રાઇ-વર ૧૦ ચોપડી ભણેલો હતો. પણ એ રમણ મહર્ષિની જ ભાષા બોલતો હતો. એની ભાવાવસ્થા એનો આત્મા બહુ ઉચ્ચ કોટિનો લાગ્યો. અમે પૂછ્યું તમે રમણાશ્રમ કેટલીવાર ગયા છો? તો કહે : 'પંદ્રહ સાલસે ટેક્ષી ચલાતા હું ચેન્નઈસે રોજ તિરુવન્નામલાઇ આતા હું ફિર ભી રમણ દર્શન આજ તક નહીં કિયા, ક્યોંકિ જો ભીતર હે, રોમરોમ મેં બસા હૈ ઉસે દેખનેકી ક્યાં જરુરત?' મેં કહ્યું : 'તમે સંકલ્પ કર્યો છે? રમણાશ્રમમાં નહીં જવાનો? તો કહે, 'રોજ રમણાશ્રમ તક હમારી ગાડી આતી હૈ. હમ કભી દર્શન કરને અંદર નહીં ગયે, જીને જી જાયેંગે ભી નહીં. અંતિમ સાંસ હોગી તભી હમ ઉસકે પાસ જાયેંગે, ઉસમેં મિલ જાયેંગે, એક બાર ભીતર જાયેંગે તો કભી બાહર નહીં આયેંગે? વૈસે તો યે ગાડી રમણ હર્માષ કી હે વો હી ચલાતે હૈ. વોહી સબકુછ હે. હમ હે હી નહીં!

ચેન્નાઈથી તિરુવન્નામલાઈ જતાં 'મા ટેક્ષીમાં ધ્યાનમાં અવિરત જપમાં મગ્ન થઈ જતાં. મારા મનમાં તિરુવન્નામલાઈના બે રસ્તા ઊભરે છે. એક જે આંખોથી દેખાય છે તે અને બીજો જે અવકાશમાં તરે છે. જે રમણ મહર્ષિની ચેતનાએ જોયેલો. તે અત્યંત સ્વચ્છ ભૂરા આકાશમાં નિતાન્ત લીલી વનરાજી, ભૂખરી ટેકરીઓ દેખાય છે. ટેકરીને કિનારે કિનારે વાંકા વૃક્ષ હારબંધ ઊભાં છે. એકદમ ઝૂકીને છતાં અડીખમ! ઈશ્વરે જેમ રાખ્યાં છે તેમ ઊભા છે. ઈચ્છાઅપેક્ષા માત્રથી એ દીક્ષા આપે છે જે સ્વરૂપ મળ્યું એમાં જ રહો રાજી રહો, એમાં જ સ્થિર રહો. શ્રી રમણ મહર્ષિના શબ્દો—અમૃત વચનો જાણે આખા રસ્તાપર પ્રગટ સ્વરૂપે મૂક સંદેશ પ્રસરતા મહેંકતા હતા. મન એનાથી તરબતર થઈ જતું હતું. પ્રસન્નતાની કોઈ સીમા ન હતી.

અત્યંત કૃતજ્ઞભાવે પૂ. માનાં નિમિલિત નેત્રો નિહાળતી રસ્તાપર પથરાયેલ પ્રકૃતિના વૈભવ પાસેથી એના કણ કણ પાસેથી કંઈ ને કંઈ પામતી અને શ્રી રમણ મહર્ષિના આશ્રમ અરુણાચલ સુધી લઈ જતી પ્રત્યેક ક્ષણને પ્રભુ પ્રસાદી ગણતી. હું નર્યા વિસ્મયનો અદ્દભૂતતાનો ભાવ અનુભવતી હતી. પરમ કૃપાળુ પરમાત્માની આ ક્ષુદ્ર જીવપર કેવી અનુકંપા! આ કેવી શુભ ઘડીના ચોઘડિયાં મારાં રોજિંદા દૈનિક ક્રમની એકવિધતાને વિદારતાં લજી રહ્યાં હતાં.

અને આવી ધન્યતાની અનુભૂતિના કેફમાં રસ્તો પસાર થઈ ગયો. અને અમે અમારા લક્ષ્ય સ્થાને શ્રી મહર્ષિના સાન્નિધ્યથી પવિત્ર બનેલ ભૂમિમાં તિરૂવન્નામલાઈ આવી જ પહોંચ્યાં. પૂ. માએ કહ્યું : 'જેનું જેની સાથે અનુસંધાન તે અહીં આવ્યાવિના રહી જ ન શકે. મહર્ષિની ઈચ્છા હોય તો જ અને ત્યારે જ અહીં અવાય. કેવો અનુગ્રહ છે મહર્ષિનો આપણા પર !'



પહેલા તો અમે નિર્ધારિત અગાઉથી આરક્ષિત હોટલમાં ગયાં હાથપગ ધોઈ ફ્રેશ થયાં ત્યારે ૫–૩૦ થયા હતા. પછી તરત જ રમણ મહર્ષિના આશ્રમે લઈ જવા ટેક્ષીવાળાઓને કહ્યું અને સાંજે ૫–૪૫ વાગે તો અમે રમણાશ્રમમાં હતાં. અનેક પુસ્તકોમાં, ચિત્રરૂપે અને મહર્ષિની વિડિયો ફિલ્મમાં નજરમાં ભરેલો રમણાશ્રમનો સાદો છતાં પ્રત્યેક ભક્ત હૃદયને આવકારવા ઉત્સુક દરવાજો નિહાળતાં જ આંખોમાં અશ્રુબિંદુ ઊભરાયાં અને જેવાં પગરખાં ઉતારી અમે રમણ સમાધિ સ્થાનમાં પહોંચ્યાં કે સાષ્ટાંગ પ્રણામ કરતાં આંખોમાંથી ચોંધાર આંસુ વહેવા માંડયાં. શ્રી રમણ મહર્ષિ જ્યાં વર્ષો રહ્યા એમની ઉપસ્થિતિથી અંદરનો–બહારનો એકે એક કણનો જાણે ચૈતન્ય સંસ્પર્શ થઈ રહ્યો હતો અને મનમાં ધન્યાસ્મિનો ઉદ્દગાર ઊઠતો હતો.

વિશાળ પ્રાર્થના હોલમાં ચારે બાજુ શ્રી રમણ વર્ષોથી આરાધેલ વર્ષોથી રમણમય બનેલ મારી ચેતના માટે આ અનુભૂતિ, આ સ્થળનો સાક્ષાત્કાર આંખ સામે આવી ઊભેલા એક અકલ્પ્ય વિસ્મય લોક જેવો હતો. મારા અસ્તિત્વનો અણુ અણુ મા માટે ઊંડો કૃતજ્ઞભાવ અનુભવતો. આ પ્રાર્થના હોલના કણ કણમાં વિખરાઈ જતો એની સાથે એકરૂપતા સાધતો હતો. મારા પાગલપણા પર આફરીન થઈ મા હોલની બહાર અમારા સહયાત્રીઓને કહેતાં હતાં. આ અહીં ન આવ્યા હોત તો? વિશાળ ધ્યાનખંડની વચ્ચોવચ્ચ કાળા પત્થરનું શિવલિંગ શ્રી રમણ મહર્ષિના સમાધિપર હતું. એની પૂજા અર્ચન આરતીમાં ભક્તો મગ્ન હતા. મધુર ઘંટારવ સાથે આરતી થતી હતી. એના મંજુલ સ્વરોમાં ખોવાઈ જવાતું હતું. મહર્ષિના અનેક સ્વરૂપો લેમિનેશનમાં, લાઈટના પ્રકાશમાં અને આરતીના દિવાઓના ઝગઝગતા ઉજાસમાં સોહતાં. હું અહીં જ છું. હું આ રહ્યો ના એમના ઉદ્દગારોને મૂર્તિમંત કરી રહ્યા હતા. મન તો મીઠી મૂંઝવણમાં જ હતું કે મહર્ષિના કયા સ્વરૂપને કેન્દ્ર કરી ક્યાં સ્થિર થવું. એકે એક સ્વરૂપને ફરી ફરી નિહાળતાં

પ્રસન્નતા અપાર હતી પણ તૃપ્તિ ન હતી.

પછી તો માતૃભૂતેશ્વર મંદિરમાં ગયાં. શ્રી રમણ મહર્ષિની માતૃશ્રીની સમાધિના દર્શન કરી પાછાં બહાર આવતાં શ્રી રમણ મહર્ષિનું એક બાવલું અને મોટું સ્વરૂપ જોયાં. ત્યાર બાદ મહર્ષિના અંતિમ દિનો જેમાં વિત્યા એ સમાધિ ખંડ જોયો. જેમાં એમની બધી જ વસ્તુઓ ચશ્માં, પગરખાં, પાણીનો કુંજો, પ્યાલો, પલંગ ચોપડીઓનો ઘોડો, બધું જ સાચવવામાં આવ્યું છે. એ સર્વના દર્શન કરતાં એમ જ લાગે કે મહર્ષિ અહીં જ ક્યાંક છે. એમની અનુપસ્થિતિની પીડા વેદના ક્ષણભર ત્યાં ભક્ત હૃદયમાં સળગ્યા-વિના ન રહે પણ બાજુમાં જ આવેલ સ્વામી સમાધિ, લક્ષ્મી, ખિસકોલી, ગરોળીની સમાધિ શ્રી રમણ મહર્ષિના અનન્ય પ્રાણી પ્રેમને તાદૃશ કરતી ઊભી છે. અને અસંખ્ય મોર આજે પણ આશ્રમમાં નિર્ભયતાથી ફરતા દેખાય છે. ત્યાંના ફુલ ફળ શાક-ભાજીની વાડીની તાજગી ગાયોની ગમાણ આ બધું શ્રી રમણ મહર્ષિની પ્રેમભરી કાળજીની સાહેદી પૂરતું આજે પણ યથાવત્ છે. એ જોઇ રમણાશ્રમના સંચાલકોની વ્યવસ્થા જાણી મહર્ષિ ક્યાંય ગયા જ નથી. અહીં હાજરાહજૂર છે. એવી પ્રતીતિ થયાવિના રહેતી નથી.

પૂ. માએ રમણાશ્રમને રૂા. ૫૦૦૦ ભેટ ધરવાની ઇચ્છા વ્યક્ત કરી. અમે બધાએ એ ઇચ્છા સહજ વધાવી લીધી. અમે શ્રી વેંકટરામનને રમણાશ્રમના મુખ્ય સંચાલકને એ ચેક આપતાં એમણે કહ્યું. તમે અહીં રહો ત્યાંસુધી અમારા મહેમાન છો. તમારે માટે ભોજનની વ્યવસ્થા ભોજનખંડમાં થશે. અને અમે તા. ૨૫, ૨૬, ૨૭ ડિસેમ્બરે સાંજનું ભોજન ભાત, રસમ, છાશ અને કેળું પતરાળામાં પીરસાયેલ ત્યાંના વિશાળ ભોજનખંડમાં બેસી લેતાં ખંડમાં સામે જ શ્રી રમણ મહર્ષિનું કેળના પાનપર ભાત રસમ આરોગતું સ્વરૂપ હતું. એ નિહાળી જાણે સહભોજનનો સ્વાદ માણ્યો. અત્યંત સ્વચ્છ સુઘડ, સાદી ભોજનની વ્યવસ્થા અને



ભોજનશાળામાં પ્રવેશતાં બહાર આવતાં તેના વ્યવસ્થાપકો રમણા-શ્રમના ટ્રસ્ટીના સત્કાર નમસ્કાર સાચે જ મહર્ષિના માનવ પ્રેમ-ના પ્રતીક હતાં. ભોજનનો સમય ૭ થી ૮ સુધીનો હતો. ભોજન માટેનો ઘંટ વાગતાં જ બધાએ ત્યાં પહોંચી જવાનું.

૮ વાગે અમે શ્રી રમણ મહર્ષિના ધ્યાનખંડમાં એમના પ્રસિદ્ધ હોલમાં ગયાં. જ્યાં એક ખૂણામાં કોચ પર બિરાજેલા મહર્ષિનું મોટું જીવંત સ્વરૂપ છે. બાજુમાં અખંડ દીપ પ્રગટેલો રહે છે. અને દેશ-વિદેશથી આવેલા અનેક ભક્તો ત્યાં ધ્યાનમાં શાંતિથી બેસે છે. જે જ્યારે જેટલો સમય ઇચ્છે ત્યારે પોતાનું સ્થાન ગ્રહી ત્યાં બેસી શકે. એવી વ્યવસ્થા છે. શબ્દ રહિત મૌનમય સાધનાની નિરવતા-નાં એ સામ્રાજ્યમાં પ્રતિષ્ઠિત થયા પછી કોઇ ઇચ્છા ન રહે.

અમે એ હોલમાં પ્રવેશી મહર્ષિના સ્વરૂપને પ્રણમી, એક ખૂણામાં નેત્રો નિમિલિત કરી બેઠાં. ઘેરી ગાઢ શાંતિની એ અનુ-ભૂતિમાં સંસારના બધા તાપ વિદારી નાંખવાની શક્તિ હતી. જ્યારે આંખ વચ્ચે ખૂલે ત્યારે મહર્ષિની પ્રશાંત મુદ્રા શીતળ શાંતિનું પ્રક્ષા-લન કરાવતી હતી. એક દોઢ કલાક ક્યારે વીતી ગયો એની સુધ ન રહી. ૯–૦૦ કલાકે એ હોલ ખાલી કરવાનો નિયમ હોવાથી જ અમે ત્યાંથી ઊઠયાં. બાકી એ જગ્યા છોડવાનું મન થતું નહોતું.

દસ વાગે હોટલમાં આવી ન્હાઇ ધોઇ અમે પૂ. માના ખંડમાં બહાર એક દિવાનખંડમાં ભેગાં થયાં. પૂ. માએ સ્લેટ પર લખ્યું : "યાત્રા બહુ સરસ રહી. તરલાબેન તમારો અનુભવ કહો." મેં કહ્યું : "રમણ મહર્ષિના એક જ પુસ્તકે મારું સમગ્ર જીવન બદલી નાંખ્યું. અને આજનો યાત્રાનુભવ મારા જીવનની અમૂલ્ય સંપદા બની ગયો. આપશ્રીના રૂડા પ્રતાપે ! માના શુચી સાન્નિધ્ય-થી આ હોટલ મહર્ષિના હોલમાં ફેરવાઇ જતી અનુભવાય છે.

તા. ૨૬ મીએ સવારે ૭–૩૦ વાગે હું અને અરુણાબેન

બિપીનભાઈ, મધુભાઈ, યશવન્ત અરુણાચલ મંદિર જવા નીકળી ગયાં. અરુણાચલનું ભવ્ય પ્રવેશદ્વાર આશ્ચર્યચકિત કરી દે એવું હતું. એમાં પ્રવેશતાં જ વર્ષો પહેલાનું મહર્ષિનું આગમન તાદૃશ થયું. ત્યારે તો મંદિર હજી બંધાતું હતું. આ ભવ્ય મંદિરમાં સાત સીધી રેખામાં ક્રમશઃ લઘુકાય થતાં નંદીઓની મૂર્તિ છે. અને અસંખ્ય દીપમાળાના ભવ્ય સ્ટેન્ડ તોરણોની વચ્ચોવચ અરુણાચલેશ ગર્ભગૃહમાં બિરાજે છે. મંદિરમાં શિવદર્શન માટેના ભાવાવેગમાં અરુણાબેન અને હું આગળ સીધસીધા વધીએ છીએ. પણ ભાવિકોની ભીડમાં અમે છૂટા પડી જઈએ છીએ. હું ગર્ભગૃહ આગળ અટકાવતા ગાર્ડના આદેશને માન આપી ડાબી બાજુ વળી જાઉં છું. ત્યાંથી જમણી બાજુ જતાં મને બધું ભૂલભૂલામણી જેવું લાગે છે. હવે કઈ દિશામાં આગળ જવું એ સૂઝ ન પડતાં અચાનક મારી નજર એક વયોવૃદ્ધ તપસ્વી(જે હુબહુ રમણ મહર્ષિ)નું જ શ્વેત દાઢી અને શ્વેત વાળવાળું સ્વરૂપ હતું. તેના પર પડે છે. તેમને વ્યાકુળ થઈ પૂછું છું કે રમણ મહર્ષિનો અરુણાચલ ક્યાં છે? એમણે કહ્યું : રમણ મહર્ષિ? અરુણાચલ અને આંગળી ચીંધી દિશા બતાવી પાછળ જ અરુણાબેન મને ખોળતાં આવી પહોંચેલાં. મેં અને એમણે બંનેએ અપાર વિસ્મયથી આ તપસ્વી ફરી નીહાળ્યાં. એ અમારા તરફ એકીટશે જોઈ રહ્યા હતા. આ તો સ્વયં મહર્ષિ! એમને પ્રણામ કર્યા કે ન કર્યા અને એ તો અદૃશ્ય થઈ ગયા! એ દર્શન એ અકલ્પ્ય અચાનક થયેલી અનુભૂતિ આજે પણ ચેતનાને રણઝણાવી મૂકે છે. સત્ય કે આભાસ? એ બુદ્ધિ પછી વિચારે છે. પણ અસીમ શ્રદ્ધાનો એ આવિર્ભાવ હતો એટલું ચોક્કસ! પછી તો અમે ગર્ભગૃહમાં ગયાં અરુણાચલેશનાં દર્શન કર્યાં. બહાર આકસ્મિક મળી ગયેલા રમણસ્વરૂપનો પ્રભાવ ચિત્તમાં એવો દૃઢ હતો કે શિવચરણમાં પ્રણિપાત કરતાં મહર્ષિ પહેલીવાર અહીં આવેલા અને એમને જે પ્રાર્થના સ્ફૂરેલી એ શબ્દો જ મારી પ્રાર્થનારૂપે પ્રગટતા હતા. 'પિતાજી!



તમારી આજ્ઞાનુસાર આ રંક આવી પહોંચ્યો છે. તમે જ મારા સંરક્ષક, પ્રેરક, પિતા, ને પ્રકાશદાતા છો તમારા પ્રત્યે મારો પ્રાણ કોણ જાણે કેમ પણ પ્રવાહિત થઈ ચૂક્યો છે. એ પ્રબળ પવિત્ર પ્રેમ કોઈ કાળે ને કારણે મંદ પડે કે મટે તેવો નથી. તમારા સર્વભાવે સ્વીકારેલા શરણથી મને શાંતિ મળી છે. મારું ચિત્ત ચિંતારહિત ને પ્રફુલ્લિત થયું છે. હવે આગળના માર્ગદર્શન માટે પૂરું પાડવાની કરુણા કરશો એવી આશા છે.

મંદિરમાંથી બહાર નીકળતાં ડાબી બાજુ પાતાળલિંગમ્‌ના દર્શન કર્યાં. જે ભોંયરામાં હતું. ચારે બાજુ અંધારું હતું. મહર્ષિ એકાંતપ્રિય હોવાથી એમાં ધ્યાનમાં બેસતા મહર્ષિને જીવજંતુ, કીડીમંકોડા લોહીલુહાણ કરી નાંખતા છતાં તેઓ સમાધિસ્થ રહેતા છતાં તેમના શરીરને ઊંચકી બહાર કાઢવું પડતું.

પ્રસન્નતા કૃતાર્થતાનો અનેરો પ્રસાદ લઈ અરુણાચલના મંદિરેથી અમે રમણાશ્રમ આવ્યાં અને સમાધિ મંદિરના દર્શન કરી, થોડો વખત ત્યાં શાંતિથી બેસી મહર્ષિના હોલમાં આંખો મીંચી બેઠા. લગભગ ત્રણ કલાક શાંતિથી ત્યાં બેઠાં. એ દરમ્યાન બંધ આંખે શિવજી, અરુણાચલેશ સર્વેશ્વરી મા, મા આનંદમયી, પૂ. મોટાભાઈ સર્વના હરતાં ફરતાં સ્વરૂપો અનુભવાયાં. એકવાર તો પૂ. માના હાસ્યનો ધ્વનિ પણ સંભળાયો. મહર્ષિની ચેતનાનો પ્રકાશ ઝળહળતો અંતરમાં પ્રતીત થયો. મનમાં અપાર શાંતિ, સ્થિરતા, આનંદ વરતાતાં હતાં, એવામાં ભોજન માટેનો ઘંટારવ થયો. હોલમાં બેઠેલા સૌ એક પછી એક ઊઠી ભોજનખંડ તરફ જવા માંડયાં. અમે પણ સાથે જોડાવા ઈચ્છતાં હતાં. પણ હોટલમાં અમારા સાથીઓ રાહ જોતા હતા. એટલે અમે હોટલમાં આવ્યાં અને ઈડલી ઢોંસા ખાધાં. બધાએ એકાદ કલાક આરામ કરવાનું નક્કી કર્યું પણ યશવન્ત અને હું રમણાશ્રમના ગ્રંથાલયમાં ગયાં. અને પછી રમણાશ્રમના બુકસ્ટોલમાં આવ્યાં. શ્રી રમણમહર્ષિની

જ્ઞાન શતાબ્દિ ૧–૯–૧૮૯૬ થી ૧–૯–૧૯૯૬ નિમિત્તે રમણાશ્રમે અનેક પુસ્તકોની નવી આવૃત્તિઓ પ્રકાશિત કરી હતી. ઘણાં નવાં પુસ્તકોનું સંપાદન પણ કર્યું હતું. સામાન્ય રીતે વર્ષોથી અલભ્ય એવાં અનેક રમણ મહર્ષિનાં તેમ જ રમણ મહર્ષિપર લખેલાં અનેકનાં પુસ્તકો અત્યંત આકર્ષકરૂપે મુદ્રિત થયેલાં જોઇ મારું મન હાથમાં ન રહ્યું. જેમ ટાગોર બાળપણમાં પિતાજીની નોકરી અંગે પર્વતીય પ્રદેશમાં બદલી થતાં સાથે ગયેલા અને એમને ઇચ્છા થયેલી કે એક સ્પેશિયલ ટ્રેઇન કરીને આ પર્વતના બધા પત્થરો મારે ગામ લઇ જઉં! એમ મને પણ થયું કે, ‘આ આખું પુસ્તકાગાર જ સાથે લઇ જાઉં! પૂરા પાંચ કલાક બૂકસ્ટોલમાં વીતાવ્યા. પછી મહર્ષિના લગભગ બધા જ પ્રાપ્ય અંગ્રેજી પુસ્તકો, અરુણાચલ શિવની કેસેટ્સ, કેલેન્ડર, ડાયરી, ફોટોગ્રાફ્સ બધું ખરીદી લીધું. લગભગ સાતેક હજાર રૂપિયાનું બિલ થયું. રાત્રે પૂ. માએ આ વાત જાણતાં કહ્યું ‘૨000 રૂપિયા મા આપશે. મેં માને બહુ ના કહી.’ મેં કહ્યું ‘મા આ તો મારું જીવનભરનું ભાથું છે. અને માત્ર મારા અંગત હેતુ માટે જ છે.’ મા કહે ‘તમે વાંચશો લખશો એટલે જનકલ્યાણ થશે જ. તમને અહીં લાવવા પુસ્તક જ નિમિત્ત બન્યું. પુસ્તકના માધ્યમે ઘણા તરી જાય. રામાયણ–મહાભારત હોત જ ના તો? અને મા તો બાળકને આપે જ ને!’ હવે દલીલને અવકાશ જ ન હતો. માનો પ્રસાદ સંતાનને કૃતજ્ઞભાવે સ્વીકારવો જ રહ્યો.

એટલામાં સાત વાગી ગયા. ભોજન માટેનો ઘંટ પડયો. અને અમે સૌ ભોજનખંડમાં ઉતપમ, ભાત, રસમ, પાપડ, શાક, છાશ, કેળું બહુ પ્રેમથી ખાવાં બેઠાં. જમ્યા પછી કલાક પ્રાર્થનાખંડમાં અરુણાચલ સ્તુતિનું (ત્યાંના સ્થાનિક સ્ત્રીપુરુષો અત્યંત ભાવભીના મીઠા સ્વરે ગાય છે) શ્રવણ કરી મહર્ષિના હોલમાં શાંતિથી બેઠાં.



હોલમાં અડધાથી ઉપર ભક્તો વિદેશી હતા. એમાં યુવાન યુવતીઓ વિશેષ હતાં હોલ બંધ થવાનો સંકેત થતાં અમે ઊઠયાં અને બહાર પૂ. મા બિરાજેલા હતાં એક પગથિયે એમની આજુબાજુ ગોઠવાઈ ગયાં.

મા પૂછે યાત્રા સફળ રહી? મેં કહ્યું શબ્દોમાં વર્ણવી શકાય એમ નથી. યાત્રા જેની સાથે કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે એ, યાત્રા જેની થઇ રહી છે એ બિંબપ્રતિબિંબ છે. પછી શેની મણા રહે?

મા પૂછે : અહીંથી શું પામ્યા?

મેં કહ્યું : શાંતિ મહર્ષિ પાસેથી, પ્રસન્નતા તમારી પાસેથી.

મા કહે : એટલે ફેરો નકામો નથી ગયો?

મેં કહ્યું : એ તો પ્રશ્ન જ નથી, પણ આ ફેરો ફરવા સદ્‌ભાગી બન્યાં એ ય ઘણું છે!

રાત્રે ૯–30 વાગે હોટલમાં પાછા ફર્યાં. એ દિવસે એક ગુજરાતી છોકરી ઘરે કોઇને કહ્યાવિના જ અરુણાચલ આવી ગયેલી. એને માએ સાથે લઇ લીધી. રાત્રે એનો બધાને પરિચય કરાવ્યો અને સાથે જ એક સ્વામીજી જે પૂર્વ જીવનમાં એન્જિનીયર હતા. (શ્રી મધુરાનંદ–પૂર્વજીવનનું નામ ગણેશ) તે અંબાજી સ્વર્ગારોહણમાં પૂ. મા પાસે થોડા દિવસ રોકાયા હતા. માના પ્રેમથી અભિભૂત થઇ ગયા હતા. તે તો અરુણાચલમાં માને નિહાળી અત્યંત વિસ્મિત થઇ ગયા પછી બે દિવસ અમારી સાથે જ રહ્યા. એમણે કહ્યું. મને હવે દુન્યવી કોઇ આકર્ષણ નથી રહ્યું. પણ પૂ. મા જેટલો પ્રેમ મેં ક્યાંય નથી અનુભવ્યો. માએ મારી પાસે વચન લીધું છે કે દર વર્ષે મારે મારી માની ખબર કાઢી આવવી. એટલે માની આજ્ઞાને હું માથાપર ચઢાવું છું. હું ભારતમાં બહુ ભટક્યો છું. પણ શાંતિ મને અહીં રમણ મહર્ષિની સંન્નિધિમાં જ મળી છે. અહીં જ રહી ધ્યાનલીન થવાનો વિચાર છે. પૂ.

માએ હોટલમાં બધા સાથે સત્સંગ કરતાં દરેક યાત્રીને કંઇને કંઇ બોલવા કહ્યું.

યશવંતે કહ્યું : "તરલાનું અરુણાચલ આવવાનું સ્વપ્ન એ જુએ એ પહેલાં પૂ. માએ પૂરું કરી આપ્યું અને સહયાત્રીઓ એવા પસંદ કર્યા કે બધા એકમેક સાથે હળીમળી જાય. એનો આનંદ પણ અનોખો છે. સ્વામીજીનો સંગાથ બહુ મોટી વાત."

બિપિનભાઈએ કહ્યું : મા સાથેની આ પહેલી લાંબી યાત્રા છે. નાની મોટી અનેક યાત્રાઓમાં આ યાત્રા ઉત્તમ આનંદપ્રદ છે.

માએ હંમેશની જેમ રમૂજમાં લખ્યું : 'ભોજનાન્તે હવે આવશે સ્વીટ ડીશ' અને મને બોલવા સંકેત કર્યો. મેં કહ્યું મા બહુ બકબક કરવાની ટેવ છે. બોલવાનું ભૂલવા તો અહીં આવી છું. મા કહે બોલવું ય ધર્મ છે. મેં શરુ કર્યું. આ યાત્રા માને કારણે જ શક્ય બની છે. મેં તો અરુણાચલ આવવાનું સ્વપ્ન પણ હજી નહોતું જોયું એ પહેલાં એ સાકાર થયું છે. માના અનન્ય પ્રેમ પ્રતાપે ! 'મા' અસામાન્ય, અસાધારણ અને દિવ્ય છે. પણ એમની સાધારણતામાં એ ગોપવીને બેઠાં છે.

મહર્ષિ મારી પાસે અક્ષરદેહે આવ્યા, મા સદેહે આવ્યાં છે.

આ યાત્રા મારે માટે એક ચમત્કાર છે. જાણે રહસ્યમય ઘટના છે. માને મહર્ષિ વારંવાર એકમેકમાં ઓતપ્રોત એકરૂપ ચૈતન્યરૂપે મેં અનુભવ્યા છે. રમણાશ્રમના હોલમાં, મહર્ષિના ધ્યાનમાં નિમિલિત મારાં નેત્રો સમક્ષ મા સમાંતરે ઉપસ્થિત થતાં રહ્યાં છે. એનું એક માત્ર કારણ માનો નિર્વ્યાજ પ્રેમ. એમની અહૈતુક કરુણા અને મારા જેવા મામુલી જીવપરની અનન્ય કૃપા છે. અને મારા જેવા મામુલી જીવપર માનો પ્રેમ એવો અદ્‌ભુત છે કે એ હતાશ જીવમાં નવી આશા અપૂર્વ આત્મશ્રદ્ધા પ્રગટાવી



એને માનવીય મહત્તાના ઊંચે શિખરે બિરાજમાન કરી દે છે. વિનમ્રતાની આવી ઊંચાઇ મેં અન્યત્ર નથી જોઇ.

શ્રી રમણ મહર્ષિના બે અનુવાદિત પુસ્તકો અને અરુણાચલ-ના સંત શ્રી રમણ મહર્ષિ, એ જીવન ચરિત્ર મેં નહીં, કોઇ અદૃષ્ય શક્તિએ જ લખાવ્યાં છે. એમાં કોઇ શંકા નથી. કોઇ ધન્ય ઘડીએ કાર્તિકભાઇએ મારા હાથમાં શ્રી દેવરાજ મુદાલ્યારનું પુસ્તક 'Day by day with Bhagawan' મૂકીને મારા જીવનને એક એવી દિશાનો સંકેત મળ્યો છે કે મને પૂરો વિશ્વાસ છે કે એ પુસ્તક જ મારા આત્મકલ્યાણ માટે નિમિત્ત બનશે. રમણ મહર્ષિના પ્રાપ્ય એટલાં પુસ્તકો વાંચ્યાં પછી મારે કયે માર્ગે જવું એની સમજ પ્રાપ્ત થઇ ગઇ છે. એટલે નવું કશું વાંચવાની ઇચ્છા જ નથી.

અરુણાચલ એ કોઇ પર્વત શિવલિંગ કે રમણમહર્ષિ જ નથી. દરેકના હૃદયમાં રહેલ સંસારની સર્વોપરી સત્તા કે પરમ ચૈતન્ય છે. એ જાણ્યા પછી અરુણાચલ આવવાની પણ કદાચ ઇચ્છા નહોતી. પણ માએ જ પ્રેરણા આપી, માર્ગદર્શન આપી અટકી ન ગયાં, પણ મારા રાહબર બની અહીં સુધી લઇ જ આવ્યાં. મા જે સ્વયં શિવસ્વરૂપ છે એમને કોઇ તીર્થયાત્રાની જરૂર જ નથી. એ કલ્યાણમયી મા મને મારી સંકીર્ણ ચેતનામાંથી અહમ્‌માંથી બહાર લાવવા અહીં લઇ આવ્યાં. મારી બેટરી ચાર્જ કરવાની એમને જરૂર જણાઇ એ માટે હું જીવનભર એમની ઋણી રહીશ. આત્મા-નું કલ્યાણ—શ્રેય—આવો પવિત્ર આત્મા, આવું ઉમદા ચરિત્ર જેના ચરણમાં હજારો ભક્તો પ્રણિપાત કરી ધન્ય બને છે. એમણે મારામાં આટલો આવો છેક સુધીનો (મીરાં કહે છે તેમ—

ઉપાડી ગાંસડી શેઠની, એ નાંખી કેમ દેવાય?

એ છે શામળિયા શેઠની, એ નાંખી કેમ દેવાય.)

–ભાવ રાખ્યો એ સાક્ષાત્ સ્નેહ સ્વરૂપને કોટી કોટી પ્રણામ પણ ઓછા પડે !

તા. ૨૭ મીની સવાર પ્રગટી હું અને અરુણાબેન તો ૬–૩૦ વાગે રમણાશ્રમમાં પહોંચી ગયાં હોલમાં. કલાક શાંતિથી બેઠાં, ત્યાં નાસ્તાનો ઘંટ બજ્યો અને ઇડલી સંભાર તથા ગરમ દૂધ પી લઇ ફરી અમે હોલમાં બેઠાં ત્યાં નક્કી કર્યા મુજબ પૂ. મા અને અમારા આઠ અન્ય સહયાત્રીઓ અરુણાચલ પર્વત પર જવા આવી પહોંચ્યા.

અમે મંદિરના પશ્ચિમ ગોપુરમની પાસે પર્વત પર ચડવાના પગથિયા પરથી પર્વત પર જવાની તૈયારી કરી. ત્યાં મને રમણ મહર્ષિના શબ્દોનું સ્મરણ થયું. આ અરુણાચલ અદ્ભુત લોહ-ચુંબક જેવો ગિરિ છે. જેઓ તેનું સ્મરણ કરે છે તેમને તે પોતાની તરફ ખેંચી લઇને જડવત્ બનાવી દે છે એ તેમને છોડતો નથી. પોતાના તરફ ખેંચીને પોતાની સાથે જ તેમને જડી દે છે. આ પ્રતીતિનો પર્યાય મને પૂ. મા સાથેના સાન્નિધ્યમાં મળી ચૂકેલો. એટલે જાણે એનો પુનરાભવ કરવા જ અરુણાચલ ચઢવાનું શરૂ કર્યું.

પૂ. મા તો અત્યંત મુક્ત રીતે રમતાં રમતાં લીલીયા પર્વત ખુલ્લે પગે, આગલા દિવસનો નિર્જળા ઉપવાસ હોવા છતાં અત્યંત સ્ફૂર્તિથી એક પછી એક પગથિયું વટાવતાં પર્વત ચઢતાં હતાં, જાણે પત્થરો પર ચૈતન્યનું લાસ્ય નૃત્ય ! અમે બધા બૂટ–મોજાંથી સજ્જ અને નાસ્તા દૂધથી શક્તિમંત બની એમને અનુસરતાં હતાં. પણ અમે પાછળ રહી જતાં હતાં. વચ્ચેનું અંતર કાપવા દોડવું પડતું હતું. પણ મા આગળ શાંતિથી અમારી રાહ જોતાં ઊભાં રહેતાં ! કૌતુકની વાત એ બની કે પથ્થર પર પૂ. માના ચરણ-અંકન મેં આખે રસ્તે જોયાં હતાં ! મારી તો મૂંઝવણ એ હતી કે



હું અરુણાચલ પર્વતને પ્રણમું, એના એકેએક પત્થરમાં સમાવિષ્ટ રમણ મહર્ષિના ચૈતન્યને વંદન કરું, એમાં રહેલા શિવસ્વરૂપને નમસ્કાર કરું. ચોતરફ વિખરાયેલા પ્રકૃતિના શિવતત્ત્વને માણું કે આગળને આગળ અત્યંત ચપલ ગતિથી પર્વત ચઢતી તેજોમય મૂર્તિને વંદના કરું ! આ સર્વ ભાવ આંદોલનો અનુભવતી હું અપાર આનંદના કેફમાં પૂ. માની પાછળ સાથે રહેવા કોશિશ કરતી હતી.

ભીતર રમણ મહર્ષિ બહાર મા. આ બંને ચૈતન્યો સાથે સહ-યાત્રા કરવી એ મારે માટે ખરેખર પડકારરૂપ હતી. પણ પળે પળે મારી આત્મશ્રદ્ધા જાણે નવું બળ પ્રાપ્ત કરતી હતી.

રસ્તામાં એક તપસ્વી મળ્યા જેમણે પૂ. માને નિહાળી કહ્યું. 'પૂજ્યાત્મા હૈ,' અરુણાબેને સામે કહ્યું હા પરમ આત્મા છે.

એટલામાં સ્કન્દાશ્રમ આવે છે જે મહર્ષિની વર્ષો સુધી તપો-ભૂમિ રહી. હું સ્કન્દાશ્રમમાં પહેલાં મહર્ષિના માતાજીની ઓરડીમાં પ્રતિષ્ઠિત માતાજીના સ્વરૂપને વંદના કરી રમણ મહર્ષિ જ્યાં વર્ષો રહેલા એ નાનકડી ઓરડીના એક ખૂણામાં મહર્ષિના ફોટા–સ્વરૂપ સામે આંખો બંધ કરી બેસી જાઉં છું. સામે એક પત્થરની પાટ બનાવેલી છે. ત્યાં મહર્ષિ બિરાજતા હશે. વાંચતા હશે, લખતા હશે. મૌન સાધના કરતા હશે. જીજ્ઞાસુઓ સાથે સંવાદ કરતા હશે. એ બધું સ્મરી સ્મરી કૃતાર્થ થઇ. અશ્રુવિહ્વળ નેત્રે ત્યાં લગભગ કલાક ભાવવિભોર થઇ બેસી જ રહું છું.

બહાર પૂ. મા એક સિંધી કુટુંબ સાથે વાર્તા વિનોદ કરતાં હોય છે. એમનું એક બાળક વૃક્ષ નીચે બેસી ૐ ઉચ્ચારી ધ્યાન કરતું હોય છે. મા પૂછે છે : "કિસકા નામ ૐ હૈ?" બાળક કહે છે : "ઈશ્વરકા નામ." મા પૂછે છે, "આપને શિવજી કો દેખા હૈ?" તો કહે છે, "ના". મા દિખાયેગી "ક્યાં માગોગે ભગવાનસે?" એ

કહે છે : "હે ભગવાન હમારે સાથ હી રહના, હમકો સદા આશિષ દેતે રહના,' માએ કહ્યું : 'હમારે સાથ હે ભગવાન, ખેલો કૂદો ગાઓ, નાચો ઔર પ્રસાદ ભી ભેજો, આજ આપને જૈસે કાજુ ઔર ચોકલેટ ભેજી, ઉસી તરહ રોજ કુછ ન કુછ દેતે રહના, "ધ્યાનમેં બૈઠકર ક્યાં કરતે થે?" "પૂજા". "કિસકી?" "રમણ મહર્ષિ કી", "કૈસે", હમેં ભી બતલાઇયે?" 'ૐ નમઃ ભગવતે શ્રી રમણાય.' મંત્ર કે જપ કરે યે મંત્ર કિસને બતાયા? પાપાને, માએ કહ્યું : "મંત્ર સે ભગવાન મિલતે હે?" "કહાંસે આયે હો?" "જમ્મુસે" હમ ભી જમ્મુ વૈષ્ણવી દેવી કે દર્શન કે લીયે ગયે થે. વહાં તો આપ નહીં મીલે! "પઢાઈમેં કૌનસા વર્ગ આતા હૈ?" બંને બાળકોએ અનુક્રમે કહ્યું "A 87%, A 84%", "હમારા તો F આતા થા," "તુમ તો બહુત હોંશિયાર હો?" "ક્યાં બનોગે?" "ડોક્ટર". છોકરાએ કહ્યું. છોકરીએ કહ્યું : મૈં દૂરદર્શન મેં નોકરી કરુંગી. પૂ. માએ કહ્યું : "તુમ કાશમીર કે હો, હમ ગુજરાત કે ઔર ભગવાન કે ઘરમેં હમ સબ મીલે."

અત્યંત સરળ સહજભાવે હસતાં હસતાં પૂ. મા જીવનના ગંભીર ગહન સત્ય તરતાં મૂકી દેતાં હતાં.

પછી પૂ. 'મા'એ કહ્યું : "સ્કન્દાશ્રમની બહાર પણ કેવી રમ્યતા છે." મેં કહ્યું : "મા બહાર ભીતર બધું જ રમ્ય જ રમ્ય સુંદર જ સુંદર છે.

અને ત્યાં માએ જ્યાં રમણ મહર્ષિએ અંગુલી સ્પર્શથી શુષ્ક પ્રદેશમાંથી જળધારા વહેતી કરેલી એ ઝરનો નાનો ધોધ દર્શાવ્યો. જેનું પાણી એક પાઈપદ્વારા સ્કન્દાશ્રમની જગ્યાએ લાવવાની યોજના કરી હતી. અમે એ મીઠા જળનું મહર્ષિનું પુણ્ય સ્મરણ કરી આચમન કર્યું, ફરી એકવાર સ્કન્દાશ્રમની મહર્ષિની ઓરડીમાં અભિવાદન કરી બહાર આવ્યાં.



સ્કન્દાશ્રમની ડાબી બાજુના પર્વતપરની પગદંડી પર ચાલતાં થોડીવાર પછી અમે વિરૂપાક્ષી ગુફામાં આવ્યા. જે ગુફામાં પવન પ્રવેશતાં 'ૐ'કાર સંભળાય છે. પણ એ દિવસે હવાની ગતિ બહુ મંદ હતી. એટલે અમે ૐ નાદ સાંભળી શકવા સુભાગી ન બન્યાં. પણ એ ૐ આકારની ગુફામાં એક બાજુ ઊંચો પત્થર હતો. જેનાપર વિરૂપાક્ષી દેવની સમાધિ છે. એના નીચાણવાળા ભાગમાં બેસતાં જ સ્થિરતા–શાંતિનો ઘેરો અનુભવ થયો. મહર્ષિની તપશ્ચર્યાના પરમાણુંઓ ઘેરી વળતાં હોય એવું લાગ્યું. કલાક ક્યારે વીતી ગયો ખબર ના પડી. પૂ. મા બહાર એક વૃક્ષ નીચે બિરાજમાન હતાં. પદ્માસનમાં જપ કરતાં માની મૂરત તપોલીન મહર્ષિની મૂરતની યાદ અપાવતી હતી!

એવામાં લગભગ ૧૧–૩૦ થતાં પૂ. માએ રમણાશ્રમના ભોજન ઘંટની યાદ અપાવી પૂ. માની ઈચ્છા અરુણાચલ ઉતરતાં પહેલાં ફરી એકવાર સ્કન્દાશ્રમમાં જઈ શિવમહિમ્ન સ્તોત્ર કરવાની હતી. મને એની જાણ નહોતી અને હું 'મા'થી ખૂબ આગળ એક ગાઇડના કહેવાથી મહર્ષિની આમ્રકુંજ જોવાની ઈચ્છાથી પ્રેરાઈ એ રસ્તો સ્કન્દાશ્રમની સમાંતરે હતો પણ રમણાશ્રમ જવાનો શોર્ટકટ હતો. પછી તો પૂ. માને અન્ય યાત્રી-ઓ પણ અમારી પાછળ જ આવ્યાં. રસ્તામાં રામસ્વામીની ગુફા પણ જોઈ. અને મહર્ષિના નામે વ્યવસાય કરતા એક જૂથની ગુફા પણ જોઈ પણ પૂ. શ્રી માએ પછી કહ્યું : "એ બધું તો મહર્ષિને નામે ઊભું કરાયું છે. અને આ ગાઇડ તો સામાન્ય ભરવાડ છે. અને આમ સ્કન્દાશ્રમ મારી ભૂલથી ફરી જઈ ન શક્યાં અને રમણાશ્રમ લઈ જતા માર્ગપર આવી ઊભાં. ત્યાંથી રીક્ષા કરી બે જણ અમારી ટેક્ષી લેવા ગયા. ત્યાં ચારે તરફ બહુ કાદવ કીચડ હતો. પૂ. માને આગ્રહ કરી એક દુકાનમાંથી એલ્યુમિનીયમની

ફોલ્ડીંગ ખુરશીપર બેસાડયા. મેં અફસોસ વ્યક્ત કર્યો. તો મા કહે : "એની ઇચ્છામાં જ આપણું શ્રેય ગણી, બબડાટ, ફ્બડાટવગર એને વધાવી લેવી. અહીં પણ સારું જ લાગે છે. અહીંથી અરુણાચલેશ્વર મંદિરના નંદીના દર્શન થાય છે. આટલી વાતો થઇ ત્યાં તો ટેક્ષીઓ આવી ગઇ. અને અમે રમણાશ્રમ ગયાં ત્યાં ભાત, રસમ જમ્યાં અને હું અને યશવન્ત બુક સ્ટોલ પહોંચ્યા. છેલ્લો હિસાબ કરવા અને કંઇક લેવાનું બાકી રહી ગયું હોય તે લેવા. પૂ. મા અને અન્ય યાત્રીઓ હોટલ પર પહોંચ્યાં. મેં બુક સ્ટોલના ભાઇને કોઇ પણ રીતે green back groundવાળું સ્વરૂપ મારે માટે તલાશ કરવા વિનંતી કરી. એમણે કહ્યું એ સ્વરૂપ તો બહુ વર્ષો પહેલા હતું. હવે તો એ black and white જ મળે છે. છતાં મેં આગ્રહ રાખતાં તેમણે પ્રયત્ન કર્યો તો મને એ સ્વરૂપ મેળવી આપ્યું. બધા ખરીદેલા પુસ્તકો અને મહર્ષિ તેમ જ અરુણાચલ પર્વતના ચિત્રો યશવંતે કાળજીપૂર્વક પેક કરાવી, બે ખોખા તૈયાર કરાવી અને બિલ ચૂકવી રમણાશ્રમના ગ્રંથાલય માટે ઇમેજ પ્રકાશનનાં ત્રણ મહર્ષિના પુસ્તકો ભેટ આપ્યાં. રમણાશ્રમના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી વેંકટ રામને (જે શ્રી રમણ મહર્ષિના ભાઇના દીકરાના દીકરા થાય) (વર્ષો જે વડોદરા આઇ. પી. સી. એલમાં હતા.) અમને આભારના પ્રતિકરૂપે રમણગીતાનું પુસ્તક ભેટ ધર્યું. અને અમે કૃતજ્ઞભાવે એ સ્વીકારી હોટલ પર આવ્યાં.

હોટલમાં પૂ. માના ખંડમાં રોજની જેમ ન્હાઇ ધોઇ રાત્રે ૧૦ વાગે અમે બધા ભેગા થયાં. આજે માએ મધુભાઇને બોલવા અનુરોધ કર્યો. મધુભાઇએ કહ્યું : "યાત્રાની વાત થાય એટલે મા મને યાદ કરે જ. માને કોણ જાણે મારામાં વિશ્વાસ છે. મા સર્વેનો ઉદ્ધાર કરવા કંઇ ને કંઇ કરે છે. માએ વચ્ચે પડી લખ્યું :



"ઉદ્ધાર દરેકે પોતે પોતાનો કરવાનો છે. આ તો પ્રભુએ મદદ કરી. આડતીયારૂપે મોકલે. ફૂલ નહીં તો ફૂલની પાંખડી આપે." મધુભાઇ કહે : "મા ફુલના રોપા લઇને જ ફરે છે. ખાડો ના હોય તો જમીન ખોદીને પણ રોપી દે છે?"

તા. ૨૮/૧૨/૨૦૦૦ નું પ્રભાત પ્રગટયું અને તિરુવન્નામલાઇ છોડવાની વેળા આવી ગઇ. હું અને અરુણાબેન તો ૬ વાગે તૈયાર થઇ ટેક્ષીમાં અરુણાચલ રમણાશ્રમનું છેલ્લવેલું દર્શન કરવા પહોંચી ગયાં. રમણાશ્રમનું પ્રવેશદ્વાર, ફુલછોડ, વેલીઓ, વૃક્ષોની ત્યાં ગોઠવેલા કૂંડાને થતો જળ છંટકાવ સવારને વધાવતા કિલ્લોલ કરતાં પક્ષીઓ, બંધ, પુસ્તકાગાર, આગળનો સૂનો ઓટલો, રમણ મહર્ષિના જૂના હોલમાં ગોઠવેલા સ્મરણ અવશેષોની વિદાય લેતાં–લેતાં પહેલાં માતૃભુતેશ્વરનાં મંદિરમાં પ્રણામ કરી પછી રમણ સમાધિ મંદિરમાં આવ્યાં. ચારે બાજુ ફરીને શ્રી રમણના વિવિધ જીવંત સ્વરૂપોની પ્રદક્ષિણા કરી. મધ્યસ્થિત શિવલિંગને વંદન કરી નવા હોલ સાધના મંદિરમાં ગયાં. ત્યાં કલાક નિમિલિત નેત્રે શ્રી રમણ મહર્ષિને પ્રણમી રહ્યાં હતાં. ને આંખોમાંથી ચોધાર આંસુ વહી રહ્યાં. ત્રણ દિવસની એ સ્થાન સાથેની આત્મીયતા શ્રી રમણના એ સ્વરૂપ સાથેનું સાયુજ્ય ભાવ વિહ્વળ કરી રહ્યું હતું.

ત્યાં સવારના દૂધ નાસ્તા માટે ઘંટારવ થતાં અમે ભોજન ખંડમાં ગયાં. અને ઇડલી, રસમ, દૂધનો નાસ્તો કર્યો. રમણાશ્રમનો એ નાસ્તો મહર્ષિનો કૃપાપ્રસાદ બની ગયો હતો. એટલે ભોજન ખંડમાંથી બહાર નીકળતાં ય મન ઢીલુ થઇ ગયેલું.

શ્રી રમણ મહર્ષિના મંગલ પવિત્ર આશ્રમને (ખૂણે ખૂણાને) આંખ ભરી નીહાળી લીધો. ત્યાંથી અરુણાચલ પર્વતને છેલ્લી વંદના કરી. અરુણાચલેશ્વરનું પણ સ્મરણ કર્યું. અને અંતિમ વિદાય લેવા ફરી હોલમાં પ્રવેશ્યાં. અંતરથી મહર્ષિને કોટી કોટી પ્રણામ કર્યાં.

ફરી આંખો સજલ થઇ. અને ત્યાં જ પૂ. મા અને અમારા સહુ યાત્રીઓ આવ્યા. અમે બધાએ સાથે મહર્ષિના સ્વરૂપને અંતિમ પ્રણામ કર્યાં. અને ભારે હૃદયે હોલની બહાર નીકળ્યા.

પૂ. માએ હોલની બહાર આવતાં જ સ્લેટ પર લખ્યું. "આ યાત્રા આનંદયાત્રા ખરેખર બની ગઇ. મને કહે ઘણું મોટું ભાથું બંધાયું છે. હવે પ્રત્યક્ષ આવવું જરૂરી નહીં લાગે. રમણાશ્રમ હવે સત્યપથનું આકર્ષણ નહીં રહે. મેં કહ્યું, "મા બંને એક જ છે. અહીંથી સંતૃપ્તિ પામ્યા પછી આવવાની જરૂર ખરી? મા સૂક્ષ્મ સંબંધો પ્રગટનું સુખ ઝંખે એમાં વિશિષ્ટ આનંદ છે."

મા કહે : આપણે આકાર કે પ્રગટથી ટેવાયેલા છીએ માટે જ ઈશ્વરને પણ આપણે વિવિધ આકારે કલ્પ્યા છે. શ્રી રમણ જોડે બેટરી લઇને શોધવા ચાલી નીકળો—આત્મતત્ત્વની ખોજ માટે મહર્ષિને જ મળો. શાંતિ મળે ત્યાંથી પ્રકાશિત પગદંડી થાય. પછી તે પ્રકાશમાં આપણે ભળી જવું. પ્રકાશરૂપ પરમાત્માને એ રીતે પામવું. જ્યાં કોઇ જ નથી. નથી રૂપ, રંગ, આકાર, ગંધ, સ્પર્શ, કેવળ તૂં હી તૂં."

મા, પહેલેથી એ રસ્તો મને આકર્ષે છે. એટલે જ મને પ્રણામ કરતાં પણ બરોબર આવડતું નથી.

એની જરૂર પણ નથી, અમને લાગે છે કે તરલાબેન હતાં તો આ આનંદયાત્રા થઇ.

ગુરુ માટે કહેવાય છે કે શિષ્યને જે દિશામાં રસ હોય તે દિશામાં ધક્કો મારી આપે, સાથે લઇ હાથ પકડી અથવા ખભે ચઢાવી લઇ જાય. ધક્કો મારે તો પડી જાય તેથી ચાલવું ના પડે. ભીતરના જ ગુરુ બહાર આવી પ્રગટે છે એ પ્રતીતિ તમારામાં થઇ. મા! હવે મારે જ મથવાનું છે. મંથન કરો તો જ નવનીત



પામો, જ્ઞાનભાવ સતત રહેવો જોઇએ. એ સ્થિતિએ જ્ઞાનભાવ ઢંકાઇ ના જાય, મન પર સતત આવરણ આવ્યા કરે. જેમ શ્રીનાથજીના મંદિરમાં ક્ષણ ક્ષણ પરદા પડે એટલે જ્ઞાનભાવ ટકાવી રાખવો અઘરો છે. એટલે જ સાકાર ભક્તિનું મહત્ત્વ, સર્વ ગુણ, સર્વ ક્રિયા, સર્વ ફળ, સર્વ પ્રયત્નો સમર્પિત ભક્તિ માર્ગે કરવાથી સાધક હળવો રહે, બધી એને જ (ભગવાનને જ) ફિકર, જ્ઞાનભાવમાં સાવધાની—જાગૃતિ ન ટકે તો અહંકાર ચઢી જાય. હું શિવરૂપ છું, ૐ સ્વરૂપ છું એવો અહંકાર આવી જાય. મહર્ષિ કહે છે. હું હું જ છું એ ભાવ કરવો. તરલાબેને કહ્યું : "મારામાં શરણાગતિભાવ ઓછો છે." મા કહે : "જરૂરી નથી." તરલાબેન : "બધાનું શુભ તત્ત્વ લઇ બધાને ગુરુ માનું છું." મા કહે : "તમે અંતર્ઝરાની પેઠે ફૂટયાં છો. અરુણાચલની યાત્રા આનંદયાત્રા ખરેખર બની ગઇ. અચાનક, અદ્‌ભુત, મહર્ષિની અપાર અનહદ કૃપા!"

તિરૂવન્નામલાઇથી ચેન્નાઇ જવા અમે સવારે ૯ વાગે ટેક્સીમાં બેઠા. રસ્તામાં મા કહે : "સંતોષ?" મેં કહ્યું : "મા પરમ સંતોષ," અને એટલામાં તો ધોધમાર વરસાદ શરૂ થયો. (સવાર હળવા ઝાપટાવાળી હતી) જાણે મહર્ષિની અસીમ કૃપા વરસતી ન હોય! વાછટ જોરથી આવતી હતી. એટલે ટેક્સીના કાચ ચઢાવી દેવા પડયા. મા કહે : "કુદરતની કેવી કૃપા! પ્રભુની વિદાય આપવાની આ કેવી અનોખી રીત," ટેક્સીવાળાએ માહિતી આપતાં કહ્યું બહુ વરસાદ હોય તો આ રસ્તો બંધ થઇ જાય છે. કારણ કે આખે રસ્તે ક્યાંય લાઇટ જ નથી. ટેક્સી ચાલી જ ના શકે. મનમાં થોડો થડકાર થયો કે અધવચ્ચે ટેક્સી બગડી જાય તો? અને અચાનક વરસાદ એકદમ હળવો થઇ ગયો. ટેક્સીની બારીઓ ખોલી દેતાં અત્યંત પ્રસન્નતાથી સભર બનાવી દે તેવી ઠંડકનો અનુભવ બહાર તેમ અંદર મન ચેતનામાં થયો. માની કૃપાનો પ્રતાપ એમાં વરતાયા વિના ના રહ્યો. શ્રી રમણ મહર્ષિની સૂક્ષ્મ કૃપા અને માની પ્રગટ કૃપાનું સાયુજ્ય આખે રસ્તે અનુભવાયું.

હવે ચેન્નાઈ આવવાને એક કલાક રહ્યો હતો. ત્યાં રસ્તામાં લાલ રંગનો પોષાક પહેરેલાં સ્ત્રી, પુરુષ બાળકોની મોટી ફોજ લાલ ધજાઓ સાથે પગપાળા આવતી દેખાઈ. ટેક્સીવાળાએ કહ્યું : "એ લોકો આજે દેવીમાનો ઉત્સવ ઉજવવા એક મંદિરમાં એકઠા થશે." નવાઈની વાત એ હતી કે દેવીમા એ કોઈ નારીરૂપ નહીં નરરૂપ દેવનું સ્વરૂપ હતું. અને લાલ રંગ એ ઉત્સવ માટેનું નક્કી પ્રતીક હતું. મા કહે : "આવો રિવાજ માનવ હૃદયની એકતાનો સંકેત કરે છે. આમ ઘડીક માને કે ઘડીક વાતાવરણને નિહાળતાં અમે ચેન્નાઈની સરહદે આવ્યાં." મા કહે : "મારે યાત્રીઓના પ્રસાદ માટે કંઈક ખરીદવું છે. અરૂણાબેને વરસાદમાં ઉતરી બેત્રણ દુકાનોએ તપાસ કરી પણ માને કંઈ જચ્યું નહિ. મુંબઈમાં વાત કરી, વાત પડતી મૂકી. ત્યાં જ માએ કેળના પાનની વાત યાદ અપાવી. મારી અને અરૂણાબેનની ઈચ્છા તિરૂવન્નામલાઈનાં કેળનાં પાન લેવાની હતી. જેથી અમદાવાદમાં સ્વજનોને એનાપર રસમ છાશનો પ્રસાદ આપી, અરૂણાચલ શિવની સ્તુતિ સંભળાવી, અરૂણાચલના લાક્ષણિક વાતાવરણની એક ઝલક આપી શકાય. ટેક્સીવાળાની મદદથી કેળના પાન ખરીદી જ લીધાં! અમારાં કરતાં મા રાજી! સરસ મજાની સફેદ પ્લાસ્ટીકની થેલીમાં બુકેની જેમ ગોઠવી મારા હાથમાં પકડાવી કહે : 'જય અરુણાચલ!' અને અમારી ટેક્સી ચેન્નાઈ એરપોર્ટ પર આવી. માએ ટેક્સીવાળાને પ્રસાદરૂપે બિસ્કીટ, ચોકલેટ, અને બસો અઢીસો રૂપિયા પુરસ્કારરૂપે આપ્યા. ટેક્સીવાળો તો એમના આશીર્વાદ લઈ ધન્ય ધન્ય બની ગયો. અમે એની ભાવભરી વિદાય લીધી.

ચેન્નઈ એરપોર્ટ પરથી તરત જ મુંબઈનું પ્લેન પકડવાનું હતું. પંદરેક મિનિટમાં તો અમારા લગેજની તપાસની વિધિ પતી ગઈ. અને લગભગ ૪ થી ૫ વાગે પ્લેન મુંબઈ જવા ઉપડયું. મુંબઈ લગભગ ૭-૦૦ વાગે પહોંચ્યા.



મુંબઈ જતા પ્લેનમાં માએ લખ્યું : "યાત્રા અચાનક અદ્ભુત થઈ." મેં કહ્યું : "હા મા, અત્યંત આનંદદાયક અને અદ્ભુત કેમ કે મહર્ષિ અને મા સતત સાથે સમાંતરે રહ્યાં. એક ચૈતન્ય સૂક્ષ્મ, બીજું પ્રગટ! ધન્ય ભાગ્ય અમારાં!

મા લખે હવે સત્યપથ આવવાની જરૂર નહીં પડે? પહેલાં તો આ વાંચી આંચકો લાગ્યો. શું માએ મને ગરજી ગરજવાન જાણી? અરુણાચલ સુધી પહોંચવા જ માની જરૂર હતી? પણ પછી થયું. તો માના વેણમાં કદી કટાક્ષ ન હોઈ શકે, સામાને પીડા થાય એવું મા કદી ના ઉચ્ચારે. એટલે માના શબ્દોનો મર્મ પકડતાં મેં કહ્યું : 'હા મા! હવે સત્યપથમાં જ રહીશ. આવનજાવન કરવાની જરૂર નહીં પડે. જ્યાં ડગ પડશે, આ દેહ રહેશે ત્યાં સત્યપથ જ હશે.

મન આનો વિસ્તાર કરતાં અનુભવતું હતું. મા સર્વેશ્વરી સાથે એક નિર્વ્યાજ પ્રેમસ્વરૂપ સાથે અરૂણાચલની, મહર્ષિની, ટેકરીની, સ્વયં શિવની આવી અનુપમ અણધારી અકલ્પ્ય યાત્રા કરવા જે જીવ સદ્ભાગી બન્યો. એને માટે હવે જીવન સત્યપથથી અન્યથા હોઈ શકે જ નહીં.

આ જ અરુણાચલયાત્રાનો નિષ્કર્ષ–પ્રસાદ–પ્રાપ્તિ! આ પામી અંતર કૃતાર્થ થઈ પ્રણમે છે.

ૐ શ્રી રમણાય નમઃ

"ૐ કહેતાં નેત્રો શ્રી રમણાય કહેતાં, સ્વરૂપ અને નમઃ કહેતાં ચરણ, મંત્રોચ્ચાર આ રીતે થાય તો મહર્ષિની આરતી સતત થાય એમ માએ છેલ્લું પ્લેનમાં સમજાવ્યું. અને પ્લેન મુંબઈ આવી અટક્યું. મારા પ્રાણમાંથી પોકાર ઊઠયો : ૐ શ્રી સર્વેશ્વરાય નમઃ। અને સાથે જ–

ગુરુ ગોવિંદ દોનો ખડે,
કિસકો લાગુ પાય?
બલિહારી ગુરુ આપકી,
ગોવિંદ દિયો બતાય.

અને પછી તો મા મુંબઈ રોકાઈ ગયાં. અમે અમદાવાદ પાછાં આવ્યાં. પણ એ ક્ષણથી આ ક્ષણસુધી કદાચ અંતિમ ક્ષણ સુધી.

'યાત્રા જે સ્થળની જે સંતની જે શિવની થઈ તે અને યાત્રા જેની સાથે થઈ તે.

પરમ પ્રેમ કરુણા સ્વરૂપ મા સર્વેશ્વરીની અનહદ કૃપા સ્મરી સ્મરી આ હૃદય કોટિ કોટિ પ્રણામ કરતું રહેશે.

અને તો જ એના સ્પંદનનો અધિકારી રહેશે, નહીં તો બની જશે નિઃસ્પંદ ! એ નિઃશંક છે.

---

શ્રી યોગેશ્વર કૃપા

## સંદીપ વેલ્ડીંગ વર્ક્સ

ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમ જ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫૦૦૭
ફોન : ૨૨૮૨૩૧

॥ ૐ ॥

## મા સર્વેશ્વરી જ્યોતિષ કાર્યાલય

આપના જન્માક્ષર દ્વારા તમારા જીવનની ભૂતકાળ-વર્તમાનકાળ અને ભવિષ્યની મુંઝવતી કોઈપણ સમસ્યાના નિવારણ માટે સ્પષ્ટ-સચોટ અને પ્રમાણભૂત માર્ગદર્શન આપવામાં આવે છે.

દેશ તથા ખાસ કરીને પરદેશના જન્માક્ષર તદ્દન આધુનિક સંશોધિત શોધખોળ મુજબ વર્લ્ડબેસ્ટ કોમ્પ્યુટરાઈઝ તેમજ સ્વહસ્ત નિર્મિત જન્મપત્રિકા જન્મસ્થળના અંક્ષાસ-રેખાંશ અને સૂર્યોદય પરથી શુધ્ધ-સુક્ષ્મ-સચોટ ખગોલ સિધ્ધ જન્માક્ષર, વર્ષપત્રિકા તથા સંપૂર્ણ લાઈફ રીડીંગ વાળી જન્મપત્રિકા બનાવી આપવામાં આવે છે.

જન્મ કુંડલીમાં થતાં અશુભયોગો, તાંત્રિક-પિતૃદોષો, આધિ-વ્યાધિ-ઉપાધિ તેમજ સર્વ અનિષ્ટોના નિવારણ માટે, કાર્યસિધ્ધી-મનોરથ પૂર્તિ જેવા અનુષ્ઠાનો, વાસ્તુ-નવચંડી-મૂર્તિઓની પ્રાણપતિષ્ઠા જેવા યજ્ઞો, માંગલિક તથા મરણોત્તર ક્રિયાઓ શ્રધ્ધાને શાંતિપૂર્વક સાત્વિક-નિર્વ્યસની બ્રાહ્મણો દ્વારા સ્વયં કરીઆપવામાં આવે છે.

**બહારગામથી પત્રદ્વારા માર્ગદર્શન મેળવવા માટે**

★ તમારુ સંપૂર્ણ નામ, સરનામું, જન્મ તારીખ-સમય-સ્થળ તેમજ રૂા. ૨૫૧/- નો MO કે DD મોકલાવવો.

★ અમને રૂબરૂ મળતાં પહેલાં એપોઈન્ટમેન્ટ લેવી ખૂબ જરૂરી છે.

## શ્રી વિજયભાઈ પંડિતજી

જ્યોતિષાચાર્ય (ડબલ ગોલ્ડ મેડાલીસ્ટ)
પ્રોફેસર (જ્યોતિષ વિભાગ) એમ.એસ.યુનિ.

**મા સર્વેશ્વરી જ્યોતિષ કાર્યાલય.**

ચોખંડી, ભીડભંજન હનુમાનજીના મંદિર પાસે, વડોદરા-૧૭.
ફોન નં. ૯૧-(૦૨૬૫) ૪૩૬૨૧૬, ફેક્સ નં. ૪૩૫૩૭૧
EMAIL : pandat@indya.com
સમય : દરરોજ સાંજે ૪થીટ રવિવારે રજા.

# ઝલક નવસર્જનની

સંજય પંડ્યા

સૌરાષ્ટ્રની ધરતી પર લગભગ ૪૫ ડીગ્રી ગરમીમાં ખરા બપોરે તમને કોઇ થોડીવાર પણ ખુલ્લામાં ટહેલવાનું કહે તો તમે જવાબ શું આપો?

તમારો જે જવાબ હોય તે, જવાબને જરા આ અલબેલી ઘટના સાથે સરખાવી જુઓ.

વાત જાણે એમ છે કે ૨૬ મી જાન્યુ.–૨૦૦૧ ના રોજ આવેલ ભૂકંપે પાડીને પાધર કરી નાંખેલા સૌરાષ્ટ્ર–કચ્છના એક ગામમાં ખરા બપોરે ૪૫ ડીગ્રી જેટલી ગરમીમાં પગમાં પગરખાં પહેરેલાં હોય તો ય એની મેળે જ "એક–દો એક–દો" થઇ જાય તેવી પરિસ્થિતિમાં આખું ગામ આબાલ–વૃદ્ધ સહિત શિસ્તબદ્ધ રીતે ઊભા રહીને અવનવા સાજ શણગાર સજીને રસ્તાપર આંખ પાથરીને ઉત્કંઠાથી વાટ જોઇ રહ્યું છે. ઝાંઝ–પખવાઝને ઢોલ બાઝી રહ્યા છે. ગ્રામ્યજનોના મજબૂત પગ લોકનૃત્યની વિવિધ શૈલીઓમાં થરકી રહ્યાં છે. ગ્રામ્ય નારીઓના મધુર કંઠે સુંદર મજાનાં ભજન ધૂન, લોકગીત ગવાઇ રહ્યાં છે.

"જાણે ગામમાં ઘરે ઘરે લગ્ન હોય" એવો મોજીલો માહોલ છે. ધરતીકંપ પછી પહેલીવાર આખું ગામ હિલોળે ચઢ્યું છે. ગામનું સૂતેલું ખમીર જાગી રહ્યું છે. ગ્રામ્ય જનોના પગના તાલે ધરતી ધ્રૂજી રહી છે. પણ આ ધરતીકંપ નથી. આ તો સ્નેહકંપ છે!

અજાણ્યાને પ્રશ્ન થાય છે. શું છે આ બધું? કોના સ્વાગતની



તૈયારી? આબાલ–વૃદ્ધ સૌનો એક જ જવાબ છે "માના સ્વાગતની" વળી નાચ–ગાન શરૂ થાય છે. સ્લોગનની રમઝટ બોલાવાઇ રહી છે. કયું સ્લોગન છે? ગામડાની અભણ બહેનની કોઠાસૂઝે બનાવેલું સ્લોગન છે, "સોના કરતા મોંઘુ શું? માતાજીનું ફૂલેકું." અને પરમ પૂજ્ય માનું આગમન થાય છે. એમને નિર્જળા ઉપવાસ છે, એમણે લાંબી અને અત્યંત ખરાબ રસ્તાવાળી મુસાફરી કરી છે, પણ એમના ચહેરાપર અપાર પ્રસન્નતા છે, આંખમાં અમી છે, મનમાં મંગલ પ્રાર્થના રમે છે, અને હૈયામાં "વિસર્જન હારે" વિસર્જીત કરેલ માનવ જીંદગીનું પુનર્વસન કરીને નવસર્જન કરવાની હરિયાળી હામ છે.

પરમ પૂજ્ય મા ધીરા ધીરા પગલાં પાડતાં આગળ વધી રહ્યાં છે. બળબળતો બપોર, ૪૫ ડીગ્રી ગરમી, ધીખતી ધરા અને ધબકતા માનવ હૈયાં. એ વાતાવરણમાંય બાળકો જો પ્રસન્ન હોય તો મા અનેકગણી પ્રસન્ન થાય છે. એ વાતની પ્રતીતિ દરેક જોનારને થઇ રહી છે. મા પધારે છે. ગ્રામ્યજનોએ રાત રાતના જાગરણ કરીને તૈયાર કરેલ સાદા પણ આકર્ષક મંડપમાં પરમ પૂજ્ય મા પ્રભુ શ્રી યોગેશ્વરજીને સ્થાન ગ્રહણ કરાવે છે. અને પ્રભુજીને પ્રણામ કરીને પોતે સ્થાન ગ્રહણ કરે છે. તુરત જ પોતાના આનંદ, ઉલ્લાસ, આશાની અભિવ્યક્તિ માટે લોકબોલીઓ, લોકઢાળો, લોકનૃત્યોથી મંડિત એવા નાનકડા કાર્યક્રમો શરૂ થઇ જાય છે. સૂર, તાલ, લય, વાદ્ય, ગાન, નાચ દરેકનું એક જ લક્ષ્ય છે. "આજે તો માની પધરામણીને વધાવવી છે."

પરમ પૂજ્ય યોગેશ્વરજી સંસ્થાપિત અને પરમ પૂજ્ય મા સર્વેશ્વરી પ્રેરિત સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટના ઉપક્રમે ભૂકંપગ્રસ્ત વિસ્તારમાં સાત ગામોમાં અત્યંત પ્રગતિશીલ શૈલીની નમૂનેદાર શાળાઓ બાંધવાની છે.

ધરતીકંપ બાદ સૌથી વધુ અસર માણસના મનને થઈ. મન અસ્તવ્યસ્ત અને ઉપાધિથી ત્રસ્ત થઈ ગયું. તો બાળ માનસનું શું? એના શિક્ષણનું શું? એના ભવિષ્યનું શું? આ પ્રશ્નનો વિચાર કરી એનો ત્વરિત ઉકેલ કાઢવામાં પહેલ કોણ કરે? સરકારશ્રીની અનેક મર્યાદાઓ અને એના પોતાના અનેક પ્રશ્નો છે ત્યારે આ પ્રાણપ્રશ્ન માટે શું કરવું? એ પ્રશ્ન માટે ચિંતિત તો સૌ હતા, પણ એના ઉકેલ માટે પ્રયત્નો કરી શકાતા નહોતા. તે સમયે પરમ પૂજ્ય માની પ્રેરણાથી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટદ્વારા ઘણી જ ટકાઉ અને વ્યવસ્થિત એવી ૨૭ કામચલાઉ સ્કૂલોનું નિર્માણ યુદ્ધના ધોરણે ધરતીકંપ બાદ માત્ર ૧૫ દિવસમાં કરવામાં આવ્યું અને ત્યાર બાદના બીજા તબક્કામાં પાકી શાળાઓનું કામ શરૂ થયું. પરમ પૂજ્ય માનો સંકલ્પ છે કે તમામ શાળાના ખાતમુહૂર્ત-વિધિમાં જાતે હાજર રહેવું, પૂજન કરવું, પ્રાર્થના કરવી.

આપણે જે વાત કરી રહ્યા છીએ તે ગામમાં પણ પૂજ્ય માની પધરામણી આ હેતુ માટે જ થઈ છે. એમનું આગમન થઈ ચૂક્યું છે. એમની અમીમય આંખડીમાંથી ટપકતા સ્નેહનું આચમન સમગ્ર ગામ કરી રહ્યું છે. કાર્યક્રમ આગળ વધી રહ્યો છે. હવે પરમ પૂજ્ય મા શાળાના મકાનના ખાતમુહૂર્ત માટે તથા મકાનના તમામ પાયાઓમાં ખુલ્લા પગે ચાલીને પવિત્ર ગંગાજળનો છંટકાવ કરવા માટે જવાનાં છે.

સૌરાષ્ટ્રની ધરતી છે, ૪૫ ડીગ્રી ગરમી છે, બળબળતો બપોર છે, અને પરમ પૂજ્ય મા ખુલ્લા પગે ચાલી રહ્યાં છે. જાણે પોતે દાઝીને ધરાને શીતળતા આપી રહ્યાં છે. લગભગ અડધોથી પોણો કલાક ખુલ્લા પગે પ્રખર તાપમાં પરમ પૂજ્ય મા અત્યંત શાંતચિત્તે શાસ્ત્રોક્ત વિધિઓ કરી રહ્યાં છે. પણ તાપ અનુભવીને માના



બાળકો વ્યથિત થાય છે તો પરમ પૂજ્ય મા અમૃત વાક્ય લખે છે. "સૂરજ દાદાનો પ્રસાદ છે."

મોરબી તાલુકાના અમરનગર, ભક્તિનગર, કેરાળા, હરીપર, ગાળા, પીલુડી અને જશમતગઢ ગામમાં પરમ પૂજ્ય માએ આજ રીતે શાળાના નવનિર્માણ કાર્યનું મંગલ મુહૂર્ત કર્યું. વહેલી સવારે છ વાગે પરમ પૂજ્ય મા રાજકોટથી નીકળે અને છેક સાંજે આ પતાવી પાંચેક વાગ્યે રાજકોટ પાછાં ફરે, આરામનું નામ નહીં અને પાછો નિર્જળા ઉપવાસ. રાજકોટ આવીને મુલાકાતો ને ૭ થી ૯ નો સત્સંગ અને વળી મુલાકાતો. એક એક ક્ષણનો માનવ-કલ્યાણના કાર્યમાં સતત સદ્ઉપયોગ કરતાં રહીને પરમ પૂજ્ય મા એક આગવો ઈતિહાસ આલેખી રહ્યાં છે.

આ પાવન પ્રવાસમાં પરમ પૂજ્ય માને ખ્યાલ આવે છે કે અમુક પરિવારોની પ્રાથમિક જરૂરિયાતો અંગેની પરિસ્થિતિ ખૂબ ચિંતાજનક છે તો તુરત જ મા એના ઉકેલ અમલી બનાવે છે. પરમ પૂજ્ય મા આમ દુઃખનાં આંસુ લૂછતાં, હર્ષનાં આંસુ અપાવતાં, સ્મિત રેલાવતાં જાય છે, ગ્રામ્ય નૃત્યો જોતાં જોતાં પ્રસન્નતા અનુભવતાં અનુભવતાં કલાકારોને પારિતોષિકો આપતાં જાય છે અને કોઈ શ્રદ્ધાભરી હરખઘેલી માના નાના નવજાત શિશુનું નામ પણ પાડતાં જાય છે. પરમ પૂજ્ય માની ઉપસ્થિતિની અસર એવી જબરી હોય છે કે ગામની પ્રત્યેક વ્યક્તિમાં ચેતન ઉભરાતું જોવા મળે છે. એવું લાગે છે કે આ ગ્રામજનો કહી રહ્યા છે કે "મા અમે તો જોતાં'તાં વર્ષોથી તારી વાટડી."

પરમ પૂજ્ય માએ નિર્માણ થનાર શાળાઓનું નામ પાડયું છે "યોગ જ્યોત." વાતાવરણ તો એવું છે કે "યોગ જ્યોત" માત્ર

સ્કૂલ નહિ બને, પણ સદ્વિચારોનું ફૂલ બનશે. પરમ પૂજ્ય માના પ્રેમથી મંડિત સુગંધિત ફૂલ બનશે.

અંતે પાછો પહેલો સવાલ પૂછી લઉં! કે સૌરાષ્ટ્રની ધરતી પર, લગભગ ૪૫ ડીગ્રી ગરમીમાં ખરા બપોરે તમને કોઈ ખુલ્લામાં ટહેલવાનું કહે તો તમારો જવાબ શું હોય? હા બરાબર. હવે તમે એમ જ કહેશો કે માતાજીના "ફૂલેકા"માં જવાનું છે? તો ચાલો! ચાલો!

એક માણસ દુષ્ટ પ્રકૃતિનો હોય તોપણ તે વિજ્ઞાન કે જ્યોતિષના સંબંધમાં નવી શોધ કરી શકે, પણ ધર્મની વાત તદ્દન જુદી છે. કોઈ અપવિત્ર વ્યક્તિ ધર્મના સત્યોને પ્રાપ્ત કરી શકતી નથી. સ્વામી વિવેકાનંદ

ઘ. : ૪૬૩૪૩૧ ઓ. : ૩૬૨૪૩૭
: ૪૮૦૪૨૮ : ૩૬૦૩૭૬

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.

-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ

૧/W, ભક્તિનગર ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, રાજકોટ-૩૬૦૦૦૨



૧૮ મી માર્ચે પૂ. માનાં સાન્નિધ્યે

# પૂ. શ્રીના નિર્વાણ દિવસે સાધના-૨

(ગતાંકથી ચાલુ) ડૉ. બી. જે. જાગાણી

રાજકોટથી દંતરોગ નિષ્ણાંત ડૉ. મેનાબેન જાવિયા તથા ડૉ. ભરતભાઈ પણ સ્વર્ગારોહણમાં આ દિવસો દરમિયાન આવ્યા હતા. પૂ. માની આજ્ઞાથી તેઓએ સર્વે સાધક ભાઈ બહેનોને દાંતના રોગ ન થાય તે માટે શી કાળજી રાખવી જોઈએ તેની વાતો કરી અને પ્રશ્નોત્તરીના ઉત્તરો આપ્યા. અન્ય સાધકોને ઉપયોગી થાય તેટલો સાર આ મુજબ છે.

૧. દિવસમાં ત્રણ વખત બ્રશ કરવું જોઈએ. કોઈ પણ ખોરાક ખાધા પછી બ્રશ કરવાની ટેવ પાડવી જોઈએ. બે દાંત કે દાઢ વચ્ચે ખોરાક ભરાઈ રહેવાથી તે સડે છે અને દાંતના મૂળમાં સડો પેસે છે.

૨. દાંતનું ઉપરનું પડ (ઈનેમલ) કહેવાય છે જે શરીરમાં સૌથી સખત ભાગ તરીકે ઓળખાય છે. તેની નીચે ડેન્ટાઈન હોય છે અને તેની નીચે પલ્પ (માવો) હોય છે. સૌ પ્રથમ ઈનેમલ ઘસાય છે અને બેક્ટેરિયાદ્વારા થતો મૂળિયાસુધી પહોંચે છે.

૩. દાંતની જાળવણી માટે બ્રશ કરવાની રીત શીખવી જોઈએ. ઉપરથી નીચે, નીચેથી ઉપર, અંદરથી બહાર બહારથી અંદર અને દાઢની ઉપર બ્રશ કરવું જોઈએ. દાંત ઉપર આડું બ્રશ કરવું જોઈએ નહીં. બ્રશ મૃદુ (સુંવાળું અને કૂણું) વાપરવું જોઈએ. બરછટ બ્રશ વાપરવાથી ઈનેમલ ઘસાય છે અને દાંતનું રક્ષા કવચ ખૂલ્લું પડે છે.

૪. બ્રશને બદલે દાતણ પસંદ કરવું જોઇએ. દાતણ ચાવવાથી જડબાને કસરત મળે છે અને પેઢાપર દાંતનો સુંવાળો ભાગ ફરવાથી મસાજ થાય છે. પરિણામે લોહીનું પરિભ્રમણ થાય છે. આને કારણે દાંતની પકડ પેઢા સાથે મજબૂત બને છે.

૫ પેસ્ટનું ખાસ મહત્ત્વ નથી. કારણ કે તેનાથી દાંતની સફાઇ કરવામાં ખાસ ઉપયોગિતા નથી જેટલી ઉપયોગિતા બ્રશ કરવાની ટેકનિકની છે. બે દાંત અને બે દાઢ વચ્ચે ખોરાક ભરાઇ જાય છે તે બ્રશ કરવાની વૈજ્ઞાનિક ટેકનિકથી બહાર નીકળવો જોઇએ. તોપણ હર્બલ પ્રકારની પેસ્ટનો ઉપયોગ કરવો જોઇએ. મીઠાના પાણીના કોગળા કરવા જોઇએ. મીઠાના પાણીના કોગળા કરવાથી બેક્ટેરિયા નાશ પામે છે અને દાંતની રક્ષા થાય છે. હળદર લગાડવાથી પણ દાંતની રક્ષા થાય છે. હળદર એ ઉત્તમ એન્ટિ-સેપ્ટિક છે. સામાન્ય પ્રકારનો સડો હળદરથી અટકી જાય છે.

૬. બ્રશ કર્યા પછી આંગળીવડે પેઢાપર માલિશ કરવું જોઇએ. માલિશથી પેઢા મજબૂત થાય છે અને દાંતની પકડ વધે છે. બને તો તલના તેલનું માલિશ આંગળીવડે પેઢા પર કરવું જોઇએ. આમ કરવાથી દાંત ખૂબ જ મજબૂત બનશે.

૭. દાંતનો સડો દાંત દૂધિયા હોય ત્યારથી જ લાગુ પડતો હોય છે એટલે નાનાં બાળકોને દાંત આવે ત્યારથી જ બ્રશ કરવાની ટેવ પાડવી જોઇએ. રાત્રે સૂતા પહેલાં અવશ્ય બ્રશ કરવું જોઇએ. ચોકલેટ, બિસ્કિટ, આઇસ્ક્રીમ, કેન્ડિ વગેરેના ઉપયોગથી દાંત જલ્દી સડે છે. બને તો આવા પદાર્થો ન દેવા જોઇએ. જો તેવા પદાર્થો ખાવામાં આવે તો તરત જ બ્રશ કરવું જોઇએ.

૮. દાંતની તપાસ દર છ માસે ડેન્ટીસ્ટ પાસે કરાવવી જોઇએ. જો સડો પેસી ગયો હોય તો તેને આગળ વધતો અટ-કાવી શકાય, સડો સામાન્ય પ્રકારનો હોય તો કેપિંગ કરી શકાય,



ડેન્ટલ મટિરિયલ્સ પૂરી શકાય અને વધારે સડી ગયેલ હોય તો નિકાલ કરી શકાય.

૯. દાઢ કે દાંત સડી ગયો હોય તો તેની જગ્યાએ કૃત્રિમ દાઢ કે દાંત (ડેન્ટર) મૂકવો જોઇએ. કારણ કે દાઢ કે દાંત એકબીજા સાથે સંકળાયેલા હોય છે. તેની પકડ મજબૂત બને તે માટે આમ કરવું જરૂરી છે. જો ખાલી પડેલ જગ્યામાં ડેન્ટર ફીટ ન કરવામાં આવે તો બાકીની દાઢ કે દાંત પણ હલી જવાનો સંભવ છે.

૧૦. બધા જ દાંત પડી ગયા હોય તો આખું ચોગઠું (ડેન્ચર) ફીટ કરવું જોઇએ. જો આમ કરવામાં ન આવે તો જડબાનું હાડકું વધારે પડતું ઘસાઇ જવાથી ઉતરી જાય છે અને પછી સર્જરી કરાવવી પડે છે.

૧૧. દાંતની મજબૂતી જડબાના સ્નાયુ પર છે. સખત પદાર્થ ચાવવાથી દાંત વધારે મજબૂત થાય છે. બંને બાજુ ચાવવાની ટેવ પાડવી જોઇએ. બંને બાજુ ચાવવાથી જડબાની મજબૂતાઇ વધે છે. એક બાજુ ચાવવાથી માત્ર એક બાજુ જ દાંતને ઘસારો પડે છે.

૧૨. દાંતને પોષણ મળે તેવો ખોરાક લેવો જોઇએ. લીલાં શાકભાજી, દૂધ, કઠોળ વગેરે ઉત્તમ ગણાય. વિટામીન'સી'થી ઈનેમલને નુકસાન થાય છે. પણ પેઢા મજબૂત થાય છે.

**શ્રી રજનીભાઇના સંતાપ દૂર થયા.**

આ દિવસો દરમિયાન નવા નવા સાધકો પણ પૂ. મા પાસે આવીને શાંતિ મેળવતા. મોરબીથી શ્રી રજનીભાઇ પણ આવેલા. તેઓ સંસારના દુઃખોથી તમ હતા. થાકી ગયા હતા. ભગવાનમાં શ્રદ્ધા રહી નહોતી અને જીવનમાં રસ પણ નહોતો. છેલ્લો સહારો પૂ. મા હતાં એટલે સદ્ભાગ્યે મેળાપ થયો અને પૂ. માએ તત્ક્ષણ તેને શાંતિ અને આનંદ પ્રદાન કરી નિશ્ચિંત બનાવી દીધા. જીવનમાં નવો પ્રાણ પૂર્યો અને શરણાગત બાળ બનાવી દીધા. પૂ.

મા અને શ્રી રજનીભાઇ વચ્ચે થયેલો સંવાદ સહુ કોઇને ઉપયોગી થાય તેવો છે.

**રજનીભાઇ :** મેં અનેક દેવ દેવતાની પૂજા કરી છે, કોઇએ મારું ધ્યાન રાખ્યું નથી. હવે મને કોઇમાં શ્રદ્ધા રહી નથી. મારા પર અનેક દુઃખ પડયાં છે. હવે હું થાકી ગયો છું. (આવો આક્રોશ આગલા દિવસે શ્રી રજનીભાઇએ એક સાંજે બેઠકમાં વ્યક્ત કર્યો. આ સાંભળીને પૂ. માએ બેઠકમાં જાહેર કર્યું કે આવતી કાલે રજનીભાઇને જવાબ આપીશું આટલી ભૂમિકા થઇ એટલે પૂ. માને રજનીભાઇ પૂ. માના ખંડમાં મળવા જાય છે અને કહે છે) મા, મારાથી ગઇકાલે આપને વ્યથા થઇ છે તો ક્ષમા કરજો, મારે આવું ગઇકાલે નહોતું બોલવું જોઇતું.

**પૂ. મા :** અમને તો વ્યથા નથી થઇ, મા પાસે બાળક તો બધું જ કહે, બધું જ માગે. બાળકના ગંદા પગ થયા હોય તો મા ધોઇ આપે. વારંવાર ધોઇ આપે. તમારી વ્યથા તો તમારી માતાને જ કહોને. તમે નાના બાળક હો તો તમારી માતાને જ તમે કહો.

**રજનીભાઇ :** મા, મારો આક્રોશ ઘણો હતો.

**પૂ. મા :** કોઇ પૂર્વ કર્મોનો ભોગવટો કરી રહ્યા છો. કોઠીમાં બાજરો, જુવાર, ઘઉં ભર્યા હોય અને વારાફરતી તે બહાર આવે તેમ તમારા કર્મફળનું થયું છે. દુઃખ તો ઘડતર કરવા આવે છે. જેનો ખભો મોટો તેટલું દુઃખ વધારે તેવું ભગવાનને લાગ્યું હશે.

કોઇ દેવ કોઇનું બૂરું ક્યારેય નથી કરતા. દેવને છોડો નહીં. ઠાકુર (રામકૃષ્ણદેવ) તમારા માટે મુખ્ય દેવ છે. ઠાકુર જ તમને આજ સુધી દોરી રહ્યા છે.

જે ક્ષણથી ઠાકુરને છોડયા તે ક્ષણથી ફરી પકડો. પ્રાર્થના કરો. પ્રાર્થનાથી હળવાફૂલ થવાય. હે પ્રભુ મને ક્ષમા કરી દો. એવી પ્રાર્થના કરો. અમે આજે ધ્યાન દરમિયાન પ્રભુને કહેતાં હતાં કે ક્ષમા કરી દો. ક્ષમા કરી દો, ક્ષમા કરી દો.



પ્રભુને તુકારામ ગાળો દેતા. દુનિયાભરની બધી જ ગાળો તુકારામે દીધી છે. ગાળો દઇને ૫૦૦૦ પદ બનાવ્યાં છે. પણ તેણે પ્રભુને કદી છોડયા નથી. પ્રભુ પાસે માંગણી કરો. બધું જ માગો. પછી તે છટકી ના શકે.

અમે નાના હતાં ત્યારે અમારા ફોઇને ત્યાં ગયાં. બાળકો રમતા હતા. એક છોકરીને હોઠ પાસે ફોડલો નીકળેલો. અમને એમ થયું કે અમને આંખ નીચે ફોડલો નીકળે તો? આ રટણ ચાર–પાંચ દિવસ ચાલ્યું. અમને ફોડલો નીકળ્યો. ત્યારે તો પ્રાર્થનાની ખબર પણ નહોતી. પ્રભુ પાસે જે માંગો તે બધું જ મળે છે. એ ઘટના આજે પણ યાદ છે.

એક બહેન છે. તેને અપંગ છોકરો છે. પતિ અકસ્માતમાં ગાંડો થઇ ગયો છે. આજીવિકાનું સાધન નથી. આના જેટલું દુઃખ તમને તો નથી ને! તમારું શરીર તો સારું છે. 'આ દિવસો પણ ચાલ્યા જશે.' સુખના ને દુઃખના. દુઃખ ઘડતર માટે છે.

એક બહેનને અપંગ દીકરો છે. ૨૦ વર્ષથી સેવા કરે છે. તે બહેન કોઇ જગ્યાએ ફરવા પણ ગયાં નથી. યાત્રા પણ નથી કરી. છતાં છોકરાએ કહ્યું કે તે મારી સેવા નથી કરી.

**કોઇપણ દુઃખને પ્રભુનો પ્રસાદ માનો.**

**રજનીભાઇ :** મા, મને મંત્ર આપો.

(પૂ. મા હસે છે અને બાજુમાં બેઠેલા એક ભાઇ કહે છે કે હવે તમે શા માટે બીજાને શોધો છો. મા જ જપો. પૂ. મા ખડખડાટ હસીને સંમતિ આપે છે અને રજનીભાઇ પણ હળવાફૂલ બને છે) હવે મા, તમે કહેશો તે બધું જ કરીશ. મને જે જોઇતું હતું તે બધું જ મળી ગયું. હવે તમે જ મારા આરાધ્ય દેવ ને સર્વ કાંઇ છો.

પૂ. માએ શ્રી રજનીભાઇને પ્રસાદ, અંજલિ ભજનસંગ્રહનું પુસ્તક, નાનકડી જપમાળા અને રમણ મહર્ષિની પુસ્તિકા આપીને સર્વ સંતાપ હરી લીધો.

આ દૃશ્ય અમે જોયું ત્યારે એમ જણાતું હતું કે પૂ. મા શ્રી રજનીભાઇના અંતઃકરણના કમળની એક એક પાંદડી પર રહેલાં પાપસંસ્કારોને પોતાની કૃપાદૃષ્ટિથી, ખડખડાટ હાસ્યથી, સ્લેટ પર લખાતા બોધથી હળવે હળવે જાણે ધોઇ ના રહ્યાં હોય! શ્રી રજનીભાઇ એક કલાક બાદ પૂ. માના ખંડમાંથી બહાર નીકળ્યા ત્યારે નવો જન્મ લઇને બહાર નીકળ્યા હોય તેવો અહેસાસ કરતા હતા.

સામાન્ય રીતે માણસ સત્યરૂપી પરમાત્માને ભૂલ્યો છે. ને એનાથી ઉલટા સંસારના વિષયોને બે હાથે પકડી વળગી રહ્યો છે. એના દુઃખનું મૂળ કારણ આ જ છે.

ભગવાન રમણ મહર્ષિ

દીપક સી. મહેતા

કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડીઓ.

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પલેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત-૩૯૫૦૦૧.

## * ઈશ્વરનો સહજ સ્વભાવ *

સમૂહ કીર્તનના પ્રયોગો ને કાર્યક્રમો આજે વધતા જાય છે તે સારી વાત છે. કીર્તન પ્રેમી પુરુષો ને સ્ત્રીઓને તેથી આનંદ થશે. પણ તેના ભયસ્થાનથી સૌએ સાવધ રહેવાની જરૂર છે. વધારે ભાગના ભજનકીર્તનના પ્રયોગો લોકોનું રંજન કરવા, વાહવાહ બોલાવવા, ભક્તમાં ખપવા ને ધન એકઠું કરવા કરવામાં આવે છે. એ હકીકત કડવી છતાં સાચી છે ને તેનો સ્વીકાર કર્યા વિના ચાલે તેમ નથી. નામ-સંકીર્તન ને ભજન માણસના પોતાના હૃદયમાં પ્રેમ પ્રગ-ટાવીને ઈશ્વરને પ્રસન્ન કરવા માટે છે. તે એક પ્રકારની ઊંચી આરાધના છે. તેના આરાધ્યદેવ એક ઈશ્વર જ છે. તે ઈશ્વરના પવિત્ર આસન પર સાધારણ જનતા કે લૌકિક સ્વાર્થ ના બેસી જાય, ને ઈશ્વરને બદલે તેની જ આરા-ધનાનો આરંભ ના થાય તે કીર્તન ને ભજન કરનારે ખાસ ધ્યાનમાં રાખવાનું છે. મીરાં, નરસી, તુકારામ ને ચૈતન્ય મહાપ્રભુની જેમ જો તે કેવળ ઈશ્વરપ્રેમથી પ્રેરાઇને ઈશ્વરની પ્રસન્નતા માટે જ ભજન કીર્તન કરશે તો તેનું જીવન ધન્ય થઇ શકશે. તે ઈશ્વરનું દર્શન પણ કરી શકશે. ને જો તેની ઇચ્છા હશે તો તેને ધન ને પ્રતિષ્ઠા તો આપોઆપ મળી રહેશે. પોતાને ભજનારની બધી રીતે રક્ષા કરવી ને તેના જીવનની જરૂરતો પૂરી પાડવી એ તો ઈશ્વરનો સહજ સ્વભાવ છે, ધર્મ છે. તે માટે ઈશ્વરે પ્રતિજ્ઞા કરી છે.

યોગેશ્વરજી

## * એ જ વીર પુરુષ છે. *

કામવાસનાને વશ કરવાનું કામ કપરું છે એમ માનીને માણસે નિરાશ થવાની જરૂર નથી. પોતાની નિર્બળતા ને મલિનતાનો વિચાર કરીને ભગ્નહૃદય બનવાની પણ જરૂર નથી. બધી દશામાં કાયરતાનો ત્યાગ કરવાનો છે, દુર્બળતાને દૂર કરવાની છે અને અશુદ્ધિનો અંત આણવા તૈયાર થવાનું છે. તે માટે ખૂબ ખૂબ જાગ્રત રહીને પ્રભુની મદદ માગવાની છે એમ કરવાથી નિર્મળતાની સાધના સહેલી થઈ જાય છે.

માણસનું કામ વધારે કપરું તો ત્યારે બને છે જ્યારે તેને પ્રતિકૂળ પરિસ્થિતિમાં જીવવાનો પ્રસંગ પડે છે. વધારે ભાગના માણસો સંજોગો ને સંગ અનુકૂળ હોય ત્યાંસુધી મનને નિર્મળ રાખી શકે છે. પરંતુ સંજોગો ને સંગ વિપરીત બનતાં તેમની નિર્મળતા ડોલવા લાગે છે. ને સંયમના બંધ તૂટી પડે છે. એ પણ એક જાતની નિર્બળતા જ છે. ને પવિત્રતાનો ઉપાસક તેનો પરાજય કરે તે જરૂરી છે. વાતાવરણ અનુકૂળ ના હોય તોપણ જેનું મન ડગે નહીં ને જેની નિર્મળતાની વૃત્તિમાં વિક્ષેપ પડે નહીં, તે જ વીર પુરુષ છે. સંસારમાં તે સૌથી મોટો શૂરવીર મહાત્મા ને નમસ્કાર કરવા યોગ્ય પુરુષ કહી શકાય. જે સિદ્ધાંતો પુરુષને તે જ સ્ત્રીને પણ લાગુ પડે છે. એટલે સ્ત્રીઓને માટે પણ એ વાત એટલી જ સાચી સમજી લેવાની છે. **યોગેશ્વરજી**

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. 1688 બી. સરદારનગર, **ભાવનગર**—1.